
॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥




સત્યં વદ



ધર્મં ચર

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

## શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજ

વર્ષ ૪૬ સંવત ૨૦૮૦ મહા - ફાગણ, માર્ચ- ૨૦૨૪ અંક - ૩




**સંપર્ક : ગોરધનભાઈ – ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય




સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ: ૪૬ / માર્ચ – ૨૦૨૪ / અંક–3


## અનુક્રમણિકા


**૦૪** શ્રીમદ્ ભાગવત કથામૃત
કૃષ્ણાબેન એ. બેલડિયા

**૦૮** આત્મા એક અદ્વૈત છે.
કૃષ્ણાબેન જી. સવાણી

**૧૧** સુમેરુ
કાળુભાઈ કોશિયા

**૧૨** રામ રાજ્ય
નરશીભાઈ વઘાસિયા

**૧૩** શત્રુને મિત્ર કેમ બનાવવા ?
ભાવનાબેન ગાબાણી

**૧૬** પ.પૂ.બ્ર. શ્રી જયાનંદજી મહારાજના પ્રવચનના આધારે
કિરણ મહેશભાઈ ભરોડીયા

**૧૯** સંત પરમ હિતકારી
હંસાબેન બી. ગોયાણી

**૨૦** ગુરૂ શિવોહંસાગરજી મહારાજની આરતી
વાલજીભાઈ કે. વઘાસીયા

**૨૧–૧૨** સત્સંગ સમાચાર


॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ૐ

## વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સૂચના

(૧) સરનામામાં ફેરફાર કરવા માટે ગ્રાહક નંબર અને ક્રમ નંબર ખાસ લખવો. સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં જૂનું-નવું બંને સરનામાં લખવા તથા મોબાઈલ નંબર લખવો.

(૨) લેખ સંપૂર્ણ આધ્યાત્મને અનુરૂપ હોવા જોઈએ. લેખ એક જ સાઈડમાં આગળ હાંસિયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે લખી મોકલાવો. પાછળની સાઈડમાં લખવું નહિ. લેખો આધ્યાત્મને અનુરૂપ નહિ હોય અથવા કોઈપણ પુસ્તકના ઉતારા હશે અને તે લેખો પ્રગટ કરવા જેવા નહિ લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહિ.

(૩) જે ગ્રાહક સભ્ય સ્વર્ગવાસ થયા હોય તેનું લવાજમ પુરૂં થયું ગણાય છે. માટે તેના કુટુંબીજનોએ વેદરહસ્ય કાર્યાલયમાં જાણ કરી નવા સભ્ય બની જવું ખાસ પૂજ્ય ગુરુજીની આજ્ઞા છે.

(૪) વાર્ષિક લવાજમ જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનું જ ગણાય છે.


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
**પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક,
વરાછા, સુરત–૩૯૫ ૦૦૬.**

**: પ્રકાશક (Publisher) :**
સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ

**: સંપાદક (Editor) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: મુદ્રક :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા**


## વેદ રહસ્ય

**વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૪૫ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.**


**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :
મુખ્ય કાર્યાલય**


**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
''વેદ રહસ્ય કાર્યાલય''
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦**


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | - |
| સહાયક | ૩૦૦૦ | - |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

### પરમ પૂજ્ય બ્રહ્મલીન પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્ય કથિત શ્રીમદ્ ભાગવત મહાપુરાણ

(ગતાંકથી ચાલુ)

તો જે પ્રભુના થાય છે પ્રભુને હૃદયમાં રાખે છે ઘટઘટમાં પ્રભુ છે એમ જોવાનો અભ્યાસ કરે છે એને માટે તો ભગવાનનો લાભ સરળ થઈ જાય છે. જે ભગવાનને માનતા નથી, ભગવાન ઉપર વિશ્વાસ કરતા નથી. શાસ્ત્રોમાં શ્રદ્ધા નથી રાખતા તો જેમ આંધળાને રૂપ જોવું અઘરું છે એમ અશ્રદ્ધાળુંને પરમાત્માનો લાભ લેવો અઘરો છે. એટલે સરળ પણ છે ને અઘરો પણ છે જેને શ્રદ્ધા છે સમજણ છે. પ્રભુ તરફ પ્યાર છે, એને માટે પ્રભુ આત્મા હોવાથી નજીકમાં નજીક છે.એને લેવા સરળમાં સરળ છે. હજી શરીરને લેવું અઘરું છે પણ આત્મા ને પરમાત્મા હંમેશા છે જ. એટલે કંઈ પણ અઘરા નથી. આપણે સાતમાં સ્કંધમાં જોઈશું કે,'હે અસુરો! પરમાત્માને રાજી રાખવામાં કોઈ પણ મહેનત નથી.' કેમકે એ બધાય ભૂતોમાં હાજરા હજુર છે. બીજું કંઈ લાવવું પડે એમ છે રાખવું પડે એમ છે જ્યારે પરમાત્મા તો છે જ. એને લાવવા કે રાખવા કંઈ કરવું પડે એમ નથી. કેવલ એમાં મન લગાવવાની જરૂર છે. અખંડ પરમાત્મા છે.



**''અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્;**
**તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ''**

(શ્રી ગુરૂ ગીતા-૪૬)

એટલા માટે ભાગવતના આરંભના માહાત્મ્યમાં પણ બતાવ્યું છે કે, 'જે પરમાત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. જે જગતની ઉત્પત્તિ સ્થિતિ ને લય કરવાવાળા છે જેના દ્વારા તાપત્રયનો વિનાશ થાય છે એવા શ્રીકૃષ્ણ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ.' એમ મંગલાચરણમાં બતાવ્યું હતું કે પરમ સત્ય પરમાત્માને પામવા માટે, એનો અનુભવ કરવા માટે તદ્રૂપ થવા માટે, આ ભાગવતને આપણે પ્રેમથી ને શ્રદ્ધાથી શ્રવણ કરીએ. ભાગવતના પ્રથમ સ્કંધનું નામ છે અધિકાર લીલા. એટલે માનવોએ અધિકારી બનવું જોઈએ. અધિકાર વગર એ રસ પચી શકતો નથી. જેમ સિંહણનું દૂધ સોનાના વાસણમાં ટકે છે એમ આ પરમાત્માનો જે રસ છે એ અધિકારી હોય એને પચે છે.

**''અધિકારીને જ્ઞાન આવે ને આત્મ લક્ષ અભંગ,**
**કહે અખો મુમુક્ષુ જનને, સદાય ફળે સત્સંગ...**
**સંગત તેને શું કરે ?''**

**''જેમ પથ્થર પાણી નવ સ્પર્શે, એને ટાંકે તો અગ્નિ વરસે,**
**એવા સાકુટ ને પ્રભુ કેમ દરશે ? અજ્ઞાની જીવ,**
**.....સંગ કરે સાચો પણ રંગ ચડે નહી.''**

અધિકારી કોણ કહેવાય ? તો ભાગવત શાસ્ત્રનો અધિકારી છે ધર્મવાન, ભક્તિવાન અને વૈરાગ્યવાન. જે ધર્મવાળો હોય તે આ ભાગવતને અંદર પચાવી શકે. આ અધર્મીજીવો, પાપી જીવો, ભક્તિનો લાભ લઈ શકતા નથી. એટલે પહેલું કામ મનુષ્યે દ્રઢ કરવું કે,'મારે મરી જવાય તોય પાપ કરવાં નથી.' કેમકે આ શરીર જંગલનાં ઘાસ, ઝાડપાન, ફળફૂલ વગેરેથી પણ જીવી શકે એમ છે. એવું નહીં કે,'તમે લાડું ખાઓ તોજ જીવી શકો.' પણ અજ્ઞાની જીવો તો એ શરીરને સાચવવા માટે કોઈ દારૂ પીએ, કોઈ માછલાં ખાય,

કોઈ!  ડા!ખાય!અનેક!પ્રકારની!હિંસા!કરે,!ચોરી!કરે,! વ્યસન!કરે,!વ્યભિચાર!કરે!,!પાપો!કરીને!દુર્ગતિને! પ્રાપ્ત!થાય.!તો!હાડકાં,!ચામડાં,!મળમૂત્રનાં!શરીર! માટે!કોઈ!દિવસ!પાપાચરણ!કરવાં!નહીં.!એટલે!દ્રઢ! કરવું!કે!આ!શરીરને!રહેવું!હોય!તો!રહે!ને!જવું!હોય! તો!જાય.!પણ!મારે!તો!પુણ્ય!જ!કરવાં!છે.!સારું!જ!કરવું! છે.!ક્યારેય!પાપ!કરવાં!નથી.!જો!મનુષ્ય!પાપથી!બચે! તો!ભક્તિને!માર્ગે!જઈ!શકે.!ભગવદ્!ગીતાના!સાતમાં! અન્યાયમાં!ભગવાન!કહે!છે.

**येषां त्वन्तगतं पापं जनानां पुण्यकर्मणाम् ।**
**ते द्वन्द्वमोहनिर्मुक्ता भजन्ते मां दृढव्रताः ॥७-२८ ॥**

જેણે!પુણ્ય!કર્મ!કરીને!પાપ!કર્મ!ધોઈ!નાંગ્યાં!છે! જેણે!દ્વન્દ્વમોહમાંથી!મનને!બહાર!કાઢીને!સમાન! ભાવ!કેળવી!લીધો!છે!એવા!લોકો!ભગવાનની!દિવ્ય! મંગલમય!ભક્તિ!કરીને!ભગવાનરૂપ!બની!જાય!છે.! એટલા!માટે!મનુષ્યે!પહેલો!સંકલ્પ!કરવો!કે!'મારે! મરી!જવાય!તોય!પાપ!કર્મ!કરવાં!નથી.'

હવે,!પાપ!થાય!છે!કેમ!?!તો!કામ,!ક્રોધ,!લોભ,! મોહ,!રાગ દ્વેષ!જીવને!પાપ!કરાવે!છે.! !જેમ!કોઈ! માણસને!રોગ!જોતો!ન!હોય!પણ!પેટ!બગડે!એટલે! રોગ!થાય!એમ,!મન!જ્યારે!કામ,!ક્રોધ,!લોભ!વાળું! થાય!ત્યારે!પાપ!ન!કરવાં!હોય!તોય!થાય!છે.!એટલે! ગીતામાં!ભગવાને!કહ્યું!છે.

**काम एषः क्रोध एषः रजोगुण समुद्भवः ।**
**महाशनो महापाप्मा विद्धयेनमिह वैरिणम् ॥३-३७॥**

અર્જુનને કહ્યું,'કામ, ક્રોધ, લોભ એજ વેરી છે અને એ જીવને પાપ કરાવે છે. તો એ કામ, ક્રોધ, લોભની ગાંઠો તોડવા માટે આ ભાગવત સાંભળવાનું છે. જેટલી કામના ઓછી થાય એટલે એની સાથે ભક્તિ હોવી જોઈએ. એ બીજો ભાગ બતાવ્યો. ભગવાનની કૃપાથી બધું થાય છે મારે ઈચ્છા કરવાની જરૂર નથી. એમ માની કામનાઓ છોડતી જવી એટલે દઢ કરવું કે...

**"જે ગમે જગત ગુરુ દેવ જગદીશને,**
**તે તણો ખરખરો ફોક કરવો.**
**આપણે ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે,**
**અંતરે એક ઊદ્વેગ ધરવો.**
**જો કર્યું થાય આ જીવનું જગતમાં,**
**રંક મટી બધા રાજા થાયે,**
**ભવન પર ભવન પર છત્ર છાજે,**
**શત્રુ મારી બધા મિત્ર રાખે."**

પહેલાં કામના જીતવા માટે ભગવાનમાં ખૂબ શ્રદ્ધા વધારવી. ભગવાન મારી પાસે જ છે, મારે બીજા કોઈ ઘોડા ઘડવાની જરૂર નથી.

**"શેખ ચલ્લીને ઘીને ગાડવે વિચારો બહુ થાય છે.**
**ગાડવો ગબડી પડતાં મનની મનમાં રહી જાય છે.**
**ઉઘાડો આંખો આયુષ્ય વહી જાય છે,**
**જાદુગરના ખેલમાં રૂપિયા દેખાય છે.**
**દો ઘડીના દેખનામાં ધૂળ થઈ જાય છે,.. ઊઘાડો.."**

આ જગતનો ખેલ પણ જાદુગરના ખેલ જેવો છે. સમજુ માણસોએ ભલે જોઈ લેવો પણ એના પેંડાની કે એના પૈસાની આશા ન કરવી. એમ જો મનુષ્ય આ જગતના પદાર્થોની કામના ન કરે તો પાપ ના થાય. નિષ્કામ ભાવે કર્મ કરવા જેથી પાપ ન થાય. પણ જો ફળના લોભે ફસાય તો જન્મ મરણના ચક્રમાં ગયા. એટલે પહેલા મનુષ્યે નિષ્કામ કર્મયોગ કરતા શિખવું જ્યાં સુધી ફળની વાસના છે ત્યાં સુધી ફળના હેતુ એજ કર્મ કરે એ'કૃપણ' છે. 'કૃપણ' એ કહેવાય જેની પાસે પૈસા હોય છતાં ભીખ માંગવા જાય. એમ અહીં આનંદરૂપ હોવા છતાં બહાર આનંદ શોધે એનું નામ 'કૃપણ' કહેવાય. બધાનો આત્મા આનંદ આનંદનો ભંડાર છે પણ જીવ ન સમજી ને બહારથી આનંદ લે છે.

જેમ લોભી કૃપણ હોય તેની પાસે પૈસા હોવા છતાં સમજે કે મારી પાસે પૈસા નથી તો હજી ભેગા કરું ! એમ જેને ગુરુએ સમજાવ્યું કે આત્મા તો પરમ આનંદ સ્વરૂપ છે. પરમ આનંદનો સાગર છે. પણ તોય

અજ્ઞાની જીવો ન માનીને બહારના સુખની ઈચ્છા કરે છે એને લઈને કામના થાય છે. એટલે કૃપણ બને, ભિખારી બને, જેમ ભગવાનનો બાળક હોય ને ભીખ માંગે એ કૃપણ કહેવાય. આપણે બધા ભગવાનના સંતાનો છીએ. વેદોએ કહ્યું છે, ''હે માનવો! આપણે બધા અજર-અમર પરમાત્માના સંતાનો છીએ.'' એટલે આપણે બધા ગાઈએ છીએ કે..

**ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ ।**
**ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમદેવ દેવ ॥**

તો ભગવાન સર્વરૂપે આપણા સગા છે. ભગવાન લક્ષ્મીપતિ છે. ભગવાન આનંદ પતિ છે. ભગવાન શક્તિ પતિ છે. તો પછી આપણે ભિખારી થવાની જરૂર નથી. કામ કરવાની જરૂર છે. જેમ સુખી માણસના છોકરા કામ કરે તો એને કામ કરવાનો ચાન્સ ઘણો છે ને કમાવાની પણ જરૂર છે. એમ આપણે ભગવાનનાં બાળકો છીએ.

**''સકલ પદારથ હૈ જગમાંહી, કર્મ હિન નર પાવત નાહીં,**
**કર્મ પ્રધાન વિશ્વ રચિરાખા, જો જસ કિયા સો તસ ફલ ચાખા''**

એટલે કામને જીતવા માટે ભગવાન આનંદરૂપ છે. આપણો આત્મા પણ આનંદરૂપ છે. ભગવાન આપણી અંદર છે એમ દ્રઢ કરીને બહારના સુખની ઈચ્છા ન કરે. ભગવાન આપણી બહાર છે એવી ભ્રાંતિમાં ન પડે ને કામના વગર જીવી શકે, તો કામ રૂપી શત્રુની ગાંઠ જીતી કહેવાય. પછી બધામાં ભગવાન છે એમ માની ક્રોધને જીતવો. ભગવાન શંકરાચાર્યજીએ કહ્યું કે,'આગળ-પાછળ, ઉપર-નીચે બધે વિષ્ણુ ભરપુર ભરેલા છે.'

**''જલે વિષ્ણુ સ્થલે વિષ્ણુ, વિષ્ણુ પર્વત મસ્તકે,**
**જ્વાલા માલા કુલે વિષ્ણુ, સર્વમ્ વિષ્ણુ મયં જગત.''**

એ ભાવ દ્રઢ કરવાથી ક્રોધ જીતી શકાય. સર્વમાં પરમાત્મા છે તો કોની ઉપર ક્રોધ કરવો ? આપણું છે તે બગડવાનું હોય તેથી ક્રોધ કરીએ છીએ. પણ આપણું ધાર્યુ થતું જ નથી. એમ દ્રઢ કરીને ક્રોધ પર વિજય પ્રાપ્ત કરવો. એટલે કામની ગાંઠ જેની જિતાય એને ક્રોધની પણ જીતાય. પછી પરમાત્મા સિવાય બધું ખોટું છે એમ માની લોભની ગાંઠ જીતવી. ઉદારતા રાખવી પરમાત્મા સિવાય કંઈ સાચું નથી. એમ માની મોહની ગાંઠ જીતવી. સર્વમાં ભગવાન સરખા છે. એમ માની ઈર્ષા અદેખાઈ ન કરવી. આ બધી ગાંઠો જેમ-જેમ છૂટતી જાય એમ જીવ દુઃખોમાંથી છૂટતો જાય કેમકે પાપ વધતા જાય તો દુઃખ વધતું જાય ને પાપ ઘટતા જાય તો દુઃખ ઘટતું જાય. તો કામ, ક્રોધ, લોભ, મોહ જ્યાં સુધી અંદર ભર્યાં હોય ત્યાં સુધી પાપ ન કરવું હોય તોય પાપ થઈ જાય છે. માણસને ખોટું સ્વપ્ન શા માટે આવે કેમકે અંદર ખોટી વાસના ભરી હોય એટલે ખોટું સ્વપ્ન આવે. અંદર કામ, ક્રોધ, લોભ, મોહ ભર્યા હોય તેને લઈને જીવને પાપ ન કરવા હોય તોય પાપ થાય છે. મનુષ્યે એટલા માટે ભગવાન પર ભરોસો રાખીને કામનાને જીતીને નિષ્કામ બનવું. કે ભગવાનનું ધાર્યુ થશે મારે કંઈ ઈચ્છા જ કરવી નથી. એમ કરીને નિષ્કામ થવું. થોડી-થોડી ઈચ્છા હોય એને વૈરાગ્ય દ્વારા તોડવી આ બધા ભોગોની ઈચ્છા કરી-કરીને હું તો જન્મ મરણના ચક્રમાં પડ્યો છું. એટલે નરસિંહ મહેતાએ ગાયું છે કે..

**''વિવિધ રચના કરી ભોગ તું ભોગવે,**
**શિવ નો જીવ થયો એજ આશે.''**
**''વિષય વૃત્તિને આંતરે, અવરાયો અતિત,**
**પ્રીતમ પોતાને વિસરી, કરે પર શું પ્રીત..સાંભળ...**
**રમવાની બાજી રચી, ધરી નવનવાં રૂપ,**
**સંશય શોક સ્વભાવથી, થયો જીવ સ્વરૂપ...**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી.''**

તો વિષયમાં રાગ થવાથી જીવમાં જીવ પણું આવે છે. બ્રહ્મ પણું મટી જાય છે. જેમ કોઈ શેઠનો છોકરો હોય ને મુંબઈ જઈને વ્યાપાર કરવાને બદલે જુગાર રમવા બેસી જાય ને પૈસા હારી જાય એટલે ધીરે-ધીરે ગરીબ બનતો જાય. ફરી એ ગરીબી દૂર કરવા માટે સગા વ્હાલા પાસે પૈસા માગે ને ફરી પાછો જુગાર રમે ને હારે એટલે સગા-વ્હાલાનો ઋણી થાય. ફરીને એમ થાય કે હું ચોરી કરીને પૈસા લઈ લવ. ને ચોરી કરવા જાય ને ચોરી કરતા પકડાઈ જાય એટલે ચોર થઈ જાય. તો હતો એ શેઠનો

પુત્ર. શેઠ પણ ધીરે ધીરે જુગારી થઈ ગયો ને પછી ઋણી થઈ ગયો. ને પછી ચોર થઈ ગયો. તો અધમગતિમાં ફસાણો એમ આપણે બધા ભગવાનના બાળકો છીએ. ભગવાનનો આનંદ નિજાનંદ એજ આપણી અંદર ભરેલો છે. જે બાપમાં છે એ બેટામાં છે. વડમાં છે એ ટેટામાં છે. એટલે વેદોએ કહ્યું છે **''તત્ત્વમસિ''**તમારો આત્મા બ્રહ્મરૂપ છે. તમે આનંદ-આનંદના ભંડાર છો. તમારી અંદર દુઃખ છે જ નહીં પણ તોય જીવને એમ થાય કે બધા લે, એમ ચાલો આપણે પણ થોડું બહારથી લઈએ. જેમ પેલો શેઠનો છોકરો હતો છતાં ચોર થઈ ગયો એમ જીવને કુતરું જ્યારે હાડકું ચાવવા જાય તો હાડકામાં લોહી નથી, પોતાના પેઢાનું લોહી આવે પણ એને ભ્રાંતિ થાય કે આ હાડકામાં લોહી છે એમ જ્યારે જીવ વિક્ષેપ વાળો થાય. જગતનાં પદાર્થો ન મળે ત્યારે વિક્ષેપ થાય. ત્યારે જે સુખ આત્માનું હોય તે ભૂલી જવાના એટલે 'હું દુઃખી છું' ને 'હું હલકો છું.' એ હલકાપણાની ભાવના આવી જાય. શેઠનો છોકરો જેમ ચોરી કરવા ગયો એમ આ જીવ પારકું લેવા જાય છે. કોઈ પત્નીમાંથી સુખ લેવા જાય, કોઈ છોકરામાંથી સુખ લેવા જાય, કોઈ ધંધામાંથી, કોઈ માનમાંથી સુખ લેવા જાય. પણ એ સુખ લેતાં પોતાનું સાચું સુખ હોય તે પણ જાય છે. પરાધીન થઈ જાય. **''પરાધિન સ્વપ્ને સુખ નાહી.''**

જેટલું પોતાને આધિન હોય એમાં સુખ છે ને જેટલું પરાધિન હોય એમાં દુઃખ છે. ઉપનિષદોમાં કહ્યું છે કે જે પૂર્ણ છે એમાં જ સુખ છે. જે અસત્ય છે એ મરવાવાળું છે. ને મરવાવાળું એ દુઃખરૂપ છે. ભગવાને ગીતામાં એટલે જ કહ્યું...

**अनित्यमसुखं लौकमिमं प्राप्य भजस्व माम् ॥९-३३॥**

જે કંઈ તમને લોક દેખાય તે અનિત્ય છે. અનિત્ય હોવાથી અસુખ રૂપ છે. એમાં સુખ નથી. એટલે સંતોએ સરળ ભાષામાં કહ્યું.. **''સુખરે નથી આ સંસારમાં, ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો ? ભમ્યો દિવસને રાત, માયાનો બાંધેલ પ્રાણીયો સમજ્યો નહીં શુદ્ધ વાત, ભૂલ્યો મન ભમરાતું ક્યાં ભમ્યો.''**

આ વૈરાગ્યવાન થવા માટે છે. વૈરાગ્યવાન થવાથી કામ, ક્રોધ, લોભ, મોહની ગાંઠો છૂટે છે. પાપમાંથી બચાય છે. જીવને પારકું લેવાની ઈચ્છા થાય એટલે પાપ થાય. ખોટું લે તોય પાપ કહેવાય ને પારકું લે તોય પાપ કહેવાય. પરમાત્મા સિવાયનું લે એ બધુ પારકું છે ને ખોટું છે. પાંચ ભૂતનું છે. પરાધીન રહેવાવાળા જીવો હંમેશા પાપમાં જાય છે. એટલે નરકમાં જવું પડે છે. તો ખાસ કરીને ધર્મવાન, વૈરાગ્યવાન, ભક્તિવાન આ ગ્રંથના અધિકારી છે. એટલે સાંભળવાવાળા કરતા અધિકારવાળાને જલ્દી લાભ કરે છે. કેમકે પાત્ર હોય તો રસ જલ્દી ભરી શકાય.પાત્ર લીધા વગર ગંગાજીને કાંઠે જાઓ તો ખાલી હાથે આવ્યા ને ખાલી હાથે જાય એવા. એમ આ જ્ઞાનગંગામાં જે પાત્ર થઈને જાય એને આ ભાગવતનું જ્ઞાન જલ્દી હૃદયમાં ઊતરે છે. એટલે જેટલી સાંભળવાની મહેનત કરો એથી વધારે અધિકારી થવાની મહેનત કરવી કેમકે જે અધિકારી હોય એને જલ્દી લાભ થાય છે. તો પહેલો સ્કંધ અધિકાર લીલા છે. બીજો સ્કંધ જ્ઞાનલીલા છે. આમાં બ્રહ્માજીને વિષ્ણુ ભગવાને ચતુઃશ્લોકી જ્ઞાન આપ્યું એમાં બતાવ્યું કે,''હું આગળ પણ છું ને પાછળ પણ છું ને વચ્ચે પણ છું એ બધુ મારું જ સ્વરૂપ છે.'' પછી ભગવાને કહ્યું, જગતમાં ન હોય છતાં દેખાય તે એટલે બધુ ભગવાન છે, પણ ભગવાન સિવાય જે દેખાય તો સમજવું કે એ ભગવાનની માયા છે. જે એક માણસ હોય ને અનેક રૂપ દેખાડે તો સમજવું કે એણે માયા ધારણ કરી છે. એમ ભગવાન અનેક રૂપ ધારણ કરે, ત્યારે સમજવું કે આ ભગવાનની માયા છે. એક સોનાની લગડીમાંથી સોની જેમ અનેક પ્રકારના અલંકારો બનાવે તો સોનું એ સાચું ને બીજું બધુ સોનાની માયા છે. એમ એક પરમાત્મા સત્ય છે. બીજી બધી ભગવાનની માયા છે. એટલે ભગવાને કહ્યું કે મહાભૂતો એકબીજા પરસ્પર છે ને નથી પણ એમ મારી અંદર જગત છે ને નથી પણ. તો જ્યાં સુધી કલ્પિત કાળ છે ત્યાં સુધી આ જગત પરમાત્મામાં ભાસીત થાય છે. અને જ્ઞાન દ્વારા એનો નિષેધ કરી દેવામાં આવે. જેમ હારને ગાળે ને સોનું થઈ જાય એમ જ્યારે જીવ જ્ઞાન દૃષ્ટિથી જોવા લાગે ત્યારે

**(વધુ આવતા અંકે)** ૨૧૭

# આત્મા એક અદ્વૈત છે અને બીજું બધુ દ્વૈત છે

કૃષ્ણાબેન જી. સવાણી
(નવાનાવડા)

ગતાંકથી ચાલુ

## સિદ્ધાંત - ૧૯

**તત્વજ્ઞાનમાં જે અહંકાર દેખાય છે તે મુખ્ય નથી તે કેવળ ગૌણ છે.**

पृथगाभासा कुटस्थावमुख्यो तत्र तत्ववित् ।
पर्यायेण प्रयुक्तेडहं शब्दं लोके च वैदिके ॥

તત્વજ્ઞં જ્યારે ચિદાભાસ અને કૂટસ્થ જીવાત્મા વિષે 'હું' એવો ભાવ યોજે છે ત્યારે એ ચિદાભાસ અને કૂટસ્થ ગૌણ બને છે. વ્યવહારમાં અને વૈદિક ભાષામાં તે પર્યાયરૂપે 'અહમ' શબ્દનો પ્રયોગ કરે છે. **પંચદશી, તૃપ્તિદીપ-૧૧**

અહંકારનું મૂળ અજ્ઞાન છે. અજ્ઞાન જ્યાં જ્ઞાનથી નષ્ટ થયું ત્યાં અહંકાર બિલકુલ હોવો જોઈએ નહિ; કારણ કે બ્રહ્મ અસંગ છે. આવા અસંગ બ્રહ્મમાં અહંકાર સંભવતો નથી. 'હુ અસંગ છું' એમ સમજવું તેને જ 'જ્ઞાન' કહે છે. બ્રહ્મવેતા બ્રહ્મ જ બને છે. એવી શ્રુતિ છે તેથી બ્રહ્મભૂત જે જ્ઞાની તેનામાં 'હું અસંગ છું' એવો અહંભાવ કેમ હોય? એવો એક સાપેક્ષ છે. એનું સમાધાન એ છે કે અહંકારના પ્રકાર ત્રણ છે. તેમાનો એક મુખ્ય છે અને બે અમુખ્ય છે. એટલે લાક્ષણિક છે. આને જ ગૌણ કહે છે. ગૌણ અહંકાર એટલે વસ્તુતઃ અહંકાર નહિ હોવા છતાં અહંકાર જાણવો. 'હું' શબ્દનો ઉપયોગ કર્યા વિના વ્યવહાર જ ચાલી શકે નહિ. તેથી વ્યવહાર પૂરતો પણ તે શબ્દનો ઉપયોગ કરવો પડે છે. એમ આ ત્રણે અહંકારનું સ્વરૂપ સ્પષ્ટ કરી બતાવીએ છીએ. કૂટસ્થ આત્મા અને ચિદાભાસ એ બે વચ્ચેનો ભેદ ન સમજાવાથી અજ્ઞાની લોકો જ (અહં) હું શબ્દનો પ્રયોગ કરે છે. તે (અહં) શબ્દ (અહંવૃતિ) મુખ્ય સમજવો અને કૂટસ્થ તથા ચિદાભાસ (જીવ) એ જ બે વચ્ચેનો ભેદ સ્પષ્ટપણે ઓળખીને તત્વેતા લૌકિક અને પારમાર્થિક વ્યવહારમાં 'હું' શબ્દનો ઉપયોગ વ્યવહાર પૂરતો કરે છે. ત્યારે તેનો અર્થ ગૌણ અથવા અમુખ્ય સમજવો. **દા.ત.** લૌકિક વ્યવહારમાં 'હું કરું છું.', 'હું જમું છું.' એમ જ્યારે આ તત્વવેતા બોલે છે. ત્યારે કૂટસ્થથી ભિન્ન જે ચિદાભાસ તેને ઉદ્દેશીને બોલે છે. તેમ જ પરમાર્થ દૃષ્ટિથી 'હું અસંગ છું.', 'હું ચિદરૂપ છું.' એમ જ્યારે તે કહે છે. ત્યારે ફક્ત કૂટસ્થને જ ઉદ્દેશીને બોલે છે. તેથી અજ્ઞાની મનુષ્યોનો જે અહંકાર તે જ માત્ર મુખ્ય નામને યોગ્ય છે. પરંતુ જ્ઞાની પુરૂષોમાં જે અહંકાર જણાય છે તે હોવા છતાં ન હોવા સમાન છે. આથી તત્વજ્ઞાનમાં જે અહંકાર દેખાત છે તે મુખ્ય નથી કેવળ ગૌણ છે.

## સિદ્ધાંત - ૨૦

**જ્ઞાનીને કર્મમાં અકર્મ જણાય છે અને અકર્મમાં કર્મ જણાય છે.**

कर्मण्यकर्म यः पश्येदकर्माणि य कर्मयः ।
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कुत्स्नकर्मकृत् ॥

જે કર્મમાં અકર્મ જુએ છે અને અકર્મમાં કર્મ જુએ છે તે મનુષ્યોમાં બુદ્ધિમાન તે જ યોગી સંપૂર્ણ કર્મનો કરવાવાળો છે. - ભગવદ્ગીતા - ૪.૧૮

કર્મ એટલે તેમાં તમામ લૌકિક અને વૈદિક ક્રિયાઓનો સમાવેશ થાય છે. આ લૌકિક અથવા વૈદિક કર્મ થતાં હોય ત્યારે ''હું (આત્મા) આ કર્મનો સાક્ષી હોવાથી તેનું કર્તુત્વ મારામાં નથી તેથી હું (આત્મા) કર્મ રહિત છું.'' એમ જ્ઞાની સમજે છે તેમજ દેહેન્દ્રિયોના વ્યાપારોનો ઉપરમ થયા પછી અન્યને લાગતી તુષ્ણીસ્થિતિમાં (મૌનપણામાં) પણ કંઈ ક્રિયા ચાલી રહી છે. એ રહસ્ય પણ જ્ઞાનીને જ સમજાય છે.

પ્રત્યક્ષ કર્મ ચાલતું હોવા છતાં તે નથી એમ કહેવું અને કેવળ તૃષ્ણી સ્થિતિમાં કર્મ છે. એમ કહેવું તે અનુભવની વિરુદ્ધ છે. એવી કોઈ શંકા કરશે; તેનું

સમાધાન એ છે કે સામાન્ય લોકદષ્ટિએ એવો વિરોધ જણાય તોયે તે વિરોધ નથી. એમ સૂક્ષ્મ વિચાર કરતાં જણાશે પોતે સ્વતઃ અકર્તા હોવા છતાં અન્ય ઈન્દ્રિયોની ક્રિયાથી પોતે કર્તા છે એમ મનુષ્યોને લાગે છે. **દા.ત.** વાદળા દોડતા હોય તો તેની ગતિનો ચંદ્ર પર આરોપ કરીને ચંદ્ર દોડે છે એમ મનુષ્યોને લાગે છે; તેમ જ આગગાડીમાં બેઠો હોય તેને તે ચાલતી હોય ત્યારે બાજુનાં વૃક્ષો દોડતા હોય એમ લાગે છે. તે પ્રમાણે પોતે અક્રિય હોવા છતાં દેહાદિના તાદાત્મ્યથી તેમની ક્રિયાઓનો પોતાના પર કલ્પવાથી 'હું ક્રિયાવાન' એવો અજ્ઞાન મનુષ્યને ભ્રમ થાય છે. પરંતુ બ્રહ્મવેતાની વાત આવી નથી. 'બ્રહ્મ જ હું, દેહાદિ હું નથી.' એવું પાકું જ્ઞાન થયા પછી દેહાદિનાં ચાલતાં કર્મો તે પોતાનાં નથી એમ જ્ઞાનીને લાગે છે. પોતાના જ કર્મમાં તે અકર્મ જુએ છે એમ નથી; કારણ પોતે (આત્મા) અક્રિય હોવાથી તે 'પોતાનાં' એમ કહી જ શકાય નહિ. આથી બ્રહ્મજ્ઞાની પુરૂષને કર્મમાં અકર્મ દેખાય છે. એમ થયું.

હવે, જ્ઞાનીને અકર્મમાં કર્મ કેવી રીતે દેખાય છે તેનો વિચાર કરીએ. અજ્ઞાની મનુષ્ય દેહેન્દ્રિાદિના તાદાત્મ્યને કારણે તત્સબંધી કર્મનો ઉપરમ થયા પછી 'હું અક્રિય થયો, દુઃખદાયક કોઈ જ કર્મ હું કરતો નથી.' એમ સમજે છે. એટલે હું દેહેન્દ્રિયાદિકનો ઘણા કષ્ટથી નિરોધ કરીને તેને જ સુખ માનીને દેહાદિકની અક્રિયતાથી પોતે અક્રિય થયો એમ તેને લાગે છે. જેમ અશ્વારૂઢ મનુષ્યને અશ્વ ઊભો રહેતા પોતે ઊભો રહ્યો તેમ લાગે છે. એ અજ્ઞાન મનુષ્યની સમજણ કહેવાય; પરંતુ જ્ઞાનીને એમ લાગતું નથી. દેહાદિકનો વ્યવહાર બંધ પડવા છતાં પણ તે તેમાં કર્મ જ જુએ છે. કોઈ પોતાની મુઠ્ઠી વાળી રાખે તો તેમાં બહારથી કંઈ ક્રિયા જણાતી નથી. પણ મુઠ્ઠી વાળી રાખવા માટે અંદર આંગળા દઢ પણે દબાવી રાખવાની ક્રિયા કરવી જ પડે છે. તે પ્રમાણે તૃષ્ણિં અવસ્થામાં બહારથી ભલે કંઈ ક્રિયા દેખાતી ન હોય પણ ક્રિયા ન કરવાનો અંદર નિર્ધાર હોવાથી નિરોધરૂપ માનસિક ક્રિયા તો થાય જ છે. આમ ઉપરની શંકાનું નિરસ ન થવાથી જ્ઞાનીને કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મ દેખાય છે. એમ સિદ્ધ થાય છે.

## આધાર, અધ્યાસ અધિષ્ઠાન

**દા.ત. :** આ દોરી છે. - આ સર્પ છે. - આ પાણીનો રેલો છે. તેમાં **'આ'** આધાર છે. સર્પ દોરી 'પાણીનો રેલો' વગેરે **અધ્યાસ** છે. **'છે'** તે અધિષ્ઠાન.

- સત્ સમાન છે તે આધાર, જ્ઞાન વિશેષ અધિષ્ઠાન છે. અને અધ્યાસ આછા અંધકારમાં થાય છે અને સાદશ્ય પણામાં થીય છે. દા.ત. દોરી અને સર્પનું સાદશ્ય પણું છે. અધ્યાસ બે પ્રકારના છે. અર્થ અધ્યાસ અને જ્ઞાન અધ્યાસ તે એક સાથે જ થાય છે અને એક સાથે જ નાશ પામે છે.

જેવી રીતે સ્વપ્નના ટાણે સ્વપ્નું સાચું લાગે છે. પરંતુ જાગ્રતમાં આવ્યા પછી સ્વપ્ન મિથ્યા થઈ જાય છે. તેમ અજ્ઞાન દશામાં જાગ્રત સત્ય લાગે છે. પરંતુ જ્ઞાન થયા પછી જાગ્રત પણ મિથ્યા થઈ જાય છે.

આ દોરી છે, હું દુઃખી છું, આ માળા છે અને હું સુખી છું. આમાં **'હું'** છે અને પેલામાં **'આ'** છે. તેમાં શું ફરક? તો હું આત્મા છું હું બ્રહ્મ છું તે અદ્વૈતભાવ છે. પરંતુ દોરીમાં આ આત્માં છે તો ત્યાં દ્વૈત ભાવ થઈ જાય છે.

**ભગવાનની કૃપા યાદી તે ચાર ચિહ્ન પરથી જાણી શકાય છે.**

(૧) એક જાતની આધ્યાત્મિક દશા ઉત્પન્ન થાય છે. (૨) માણસ જગતના પ્રપંચ તરફથી પાછો વળીને ભગવાનની સન્મુખ થાય છે. (૩) તેને ભગવાનની હાજરી પોતાની અંદર આસપાસ અથવા નજીક લાગે છે. (૪) જ્યારે ભક્ત પોતાની મુશ્કેલીઓ ભગવાન પાસે મૂકે ત્યારે જાણે કોઈ દૈવી શક્તિ તે મુશ્કેલીઓ દૂર કરતી હોય તેવું લાગે છે.

**બ્રહ્મનો આનંદ પ્રાપ્ત કરવાના સાધન :** (૧) એકાંત વાસ (૨) લઘુ ભોજન (૩) ઈન્દ્રિય નિગ્રહ

(૪) ચિત્ત પ્રસન્ન

(૧) **સંચિત કર્મ :** અજ્ઞાનને આશરે રહેલું છે.

(૨) **પ્રારબ્ધ કર્મ :** શરીરને આશરે રહેલું છે.

(૩) **ક્રિયામણ કર્મ :** અહંકારને આશરે રહેલું છે.

■ **સ્વામીશ્રી માધવતીર્થના જીવન ચરિત્રમાંથી વાનપ્રસ્થના નિયમ :-** (૧) બ્રહ્મચર્ય (૨) ઈન્દ્રિય નિગ્રહ અને પત્ની સાથે સત્સંગની જ વાતો કરવી. (૩) અમૂક કલાક મૌન (સજાતીય વૃત્તિ) (૪) ગૃહસ્થિને વિષયી માણસનો સંગ ઓછો કરવો. (૫) પોતાનાથી આગળ વધેલા સાધુનો સંગ કરવો. (૬) અમુક વખત વાચન માટે રાખવો. (૭) અમુક સમય ધ્યાન એટલે મનન નિદિધ્યાસન માટે રાખવો. (૮) કોઈને મળવા આવવું અથવા જવા ચોક્કસ ટાઈમ રાખવો. (૯) સન્યાસ આશ્રમ માટે તૈયારી કરવી. (૧૦) ઓછા પરિગ્રહથી રહીને વૈરાગ્ય કેળવવો.

**જીજ્ઞાસુ (મુમુક્ષે) કઈ વસ્તુ દ્વારા સ્વસ્વરૂપ સુધીની યાત્રા કરવી.**

(૧) પ્રમાણિકતા (૨) શ્રદ્ધા (૩) પુરુષાર્થ

શર્ત : **મુક - મુરખ - પ્રમાદિપણું કાઢવું.**

અર્નિવચનીય માયા, વાંઝણીનો પુત્ર અને સસલાના શીંગડા અસત્ છે બિલકુલ દેખાતા નથી. એટલે સત્‌થી વિલક્ષણ સર્પ દેખાય છે. એટલે અસત્‌થી વિલક્ષણ દોરી જોયા પછી સર્પ રહેતો નથી. એટલે અસત્‌થી વિલક્ષણ.

જીવન જેવું જ્ઞાન ન થવું જોઈએ પરંતુ જ્ઞાન જેવું જીવન થવું જોઈએ. જેવી વાતુ તેવો સંચાર ઊભો થાય. જો જ્ઞાન પ્રમાણે જીવનમાં વિષયની નિવૃત્તિને પરમાર્થના સાધનની પ્રાપ્તિ થાય.

**-: ચોક્કસ કરવા જેવું :-**

(૧) વિહિત કર્મ ન છેડવું. ગીતા, પાઠ, અષ્ટાદશ, રત્ન (૨) સત્સંગ મળે તો સારું, પરંતુ કુસંગ તો કદાપિ ન જ કરવો. (૩) કોઈ એવું એકાંત સ્થળ વડલો અથવા કોઈ વૃક્ષ નીચે ધ્યાન (ૐ કાર) અથવા વિચાર કરવો. (૪) સત્ શાસ્ત્રોનું વાંચન (સમય કાઢીને કરવું) (૫) કર્મયોગ.

**ૐ તત્ સત્ પરમાત્મને નમઃ**

**શ્રી પંચીકરણનું રહસ્ય**

અતિ શાંતિ, નિર્વિકલ્પ રૂપી સીતાથી જોડાયેલા કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર રૂપી રાક્ષસોના શત્રુ તે સંસારરૂપી રાક્ષસોના શત્રુ તે સંસારરૂપી સમુદ્રમાં તત્વબોધ રૂપી સેતુને બાંધનારા અને બહ્મવિદ્યારૂપી શોભાથી શોભીત શ્રીરામ રૂપ શ્રીરામ ગુરુને હું વંદન કરું છું. શ્રીરામ સત્ ગુરુએ મુમુક્ષુ જનોને સંસાર સમુદ્રથી પાર કરવા માટે તત્વબોધ રૂપી સેતુ બાંધ્યો છે. શ્રી સદ્‌ગુરુરામ તત્વબોધરૂપી પાળ દ્વારા મુમુક્ષુજનોને નિર્ગુણ બ્રહ્મ અને આત્મા એક છે. એવું જ્ઞાન આપેલ છે. જ્ઞાનથી મોક્ષ છે. રામચંદ્રજી માયા વશિષ્ટ છે. તેનો પ્રદેશ દેશકાળ વાળો છે. અને આસુરી પ્રદેશ છે અને અવયવોવાળો હોવાથી રામને પણ રડવું પડ્યું છે. સદ્‌ગુરુ રામનો પ્રદેશ મોક્ષવાળો છે. અને નિર્વવય છે અને અનાદિ અનંત છે. ભાષા સંસ્કૃત હોય કે પ્રાકૃત હોય પણ સમજવામાં સિદ્ધાંત એક જ હોય છે. જેમ આર્યુવેદિકમાં સંસ્કૃત અને પ્રાકૃત ભાષા હોય છે. તેથી દવા લેવાથી જેમ રોગ મટી જાય છે. એમ જ વેદાન્તના ગ્રંથથી જ્ઞાન થાય છે અને જ્ઞાનથી મોક્ષ થાય છે. સંસારના રોગ જાય છે. સાધન સંયુક્ત અધિકારી અને આ ગ્રંથનો વિષય પ્રત્યક્ષ આત્માનો પરમાત્મા સાથે એકતારૂપ છે. તેનું આમા ઘણે ઠેકાણે નિરૂપણ કરેલ છે. આ ગ્રંથનું અને અદ્વિતિય બ્રહ્મનો પ્રતિપાદક અને પ્રતિપાદ્ય ભાવરૂપ સબંધ છે. **ક્રમશઃ (વધુ આવતા અંકે)**

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ નવાનાવડા, તા. બરવાળા સ્વ. રમણભાઈ કાનજીભાઈ વાઘાણી (ઉ.વ.૬૨) સંવત ૨૦૮૦ પોષ વદ-૫ ને મંગળવાર તા.૩૦-૧-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.**

**શ્રી સદ્‌ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

### મણકો ૫૦ મો :

**''બીજાનાં દુઃખ માટે પોતાનાં સુખ છોડે એ સાચો માણસ.''**

દક્ષિણ ભારતના એક પ્રાંતમાં વિશાળ મંદિર હતું. તે મંદિરના મુખ્ય પૂજારીનું મૃત્યુ થતાં મંદિરના અન્ય મહંતે બીજા પૂજારીની નિમણૂક કરવાની ઘોષણા કરાવી. તેમણે જણાવ્યું કે કાલે સવારે જે પ્રથમ પહોરામાં આવીને પૂજા વિશેના જ્ઞાનમાં સિદ્ધ સાબિત થશે તેને પૂજારી જાહેર કરાશે. આ ઘોષણા સાંભળીને અનેક બ્રાહ્મણોએ સવારે મંદિરમાં આવી ગયા. મંદિર પહાડ પર હતું અને ત્યાં પહોંચવાનો માર્ગ કાંટા અને પથ્થરોથી ભરેલો હતો. માર્ગની આ જટિલતાનું કોઈપણ રીતે નિવારણ લાવીને બ્રાહ્મણો મંદિરમાં પહોંચ્યા. મહંતે બધાને કેટલાક પ્રશ્નો અને મંત્ર પૂછયા. જ્યારે પરીક્ષા પૂરી થઈ ત્યારે એક યુવક બ્રાહ્મણ ત્યાં આવ્યો. તે પરસેવાથી લથપથ હતો અને તેના કપડાં પણ ફાટી ગયા હતાં. મહંતે તેને કારણ પૂછ્યું તો તે બોલ્યો, ઘરેથી વહેલો જ નીકળ્યો હતો પણ રસ્તામાં કાંટા અને પથ્થરો જોયા તો તેને કાઢવા લાગ્યો જેથી ભક્તોને તકલીફ ન પડે. તેના કારણે મોડું થઈ ગયું. મહંતે તેને પૂજાવિધિ પૂછી જે તેણે જણાવી. મહંતે પછી તેને મંત્ર વિશે પૂછ્યું તો તેણે જણાવ્યું કે ''ભગવાનને નવડાવા અને ખવડાવવા માટેના મંત્રો હોય છે તેની મને જાણ નથી.'' મહંત બોલ્યા, ''પૂજારી તો તું બની ગયો, મંત્રો હું તને શીખવી દઈશ.''

આ સાંભળીને અન્ય બ્રાહ્મણોએ નારાજગી દર્શાવી. ત્યારે મહંત સૌને સમજાવતા બોલ્યા, પોતાના સ્વાર્થની વાત તો પશુ પણ જાણે છે જે બીજાનાં દુઃખ માટે પોતાના સુખ છોડી દે તે મનુષ્ય છે. સાર એટલો જ છે કે જ્ઞાન અને અનુભવ વ્યક્તિગત છે, જ્યારે માનવતા હંમેશા પરમગજુ હોય છે, તેથી તે સતત સમાજ કલ્યાણમાં જ વ્યસ્ત હોય છે.

### મણકો ૫૧ મો :

**''માતા-ઘરનું માંગલ્ય! પિતા-ઘરનું અસ્તિત્વ!''**

માતા ઘરનું માંગલ્ય ને પિતા ઘરનું અસ્તિત્વ છે. માતા આંસુનો દરિયો ને પિતા સંયમની દિવાલ છે. માતા રડીને છૂટી થઈ જાય ત્યારે પિતા સાંત્વના આપે છે. ઘરમાં સગવડતા માતા આપે છે ને પિતા આજીવિકા આપે છે, આપણા ભવિષ્ય ખાતર હાડમારી વેઠીને રાત્રે તકિયામાં મોં છૂપાવીને રડતા મા-બાપને આપણે કેટલી સહજતાથી વિસારે પાડીએ છીએ...! અને કદાચ તેઓ હયાત હોય તો પણ આપણું ખરાબ વર્તન અને વાણી તલવાર જેવા ઘા આપે છે. અને પછી ફૂલ ગયું ને ફોરમ રહી એવું ઘણું બધું છાપાઓમાં ચિતરાવી દંભનો દેખાડો કરીએ છીએ.

એમના મોટા મોટા ફોટાઓ ઘરમાં લગાવી બાર મહિને એકવાર ધૂળ ખંખેરીએ છીએ ને હાર બદલીએ છીએ... ગીતામાં દંભ અને ઢોંગને પાપ ગણવામાં આવ્યા છે. બચપણમાં ઓ માં કે બાપ રે કહેતા આપણે, જેણે આપણને ગોંદ આપી હતી તેની સાથે દગો રમતાં સહેજ પણ અચકાતા નથી... બચપણમાં જેને માતા-પિતાની છત્રછાયા ગૂમાવી છે એને જઈને પૂછો તો ખબર પડે કે હેતાળ સ્પર્શ, વ્હાલા ચૂંબનનું કેટલું અનેરું મહત્ત્વનું યોગદાન છે.

જ્યારે મા-બાપ હયાત હોય છે ત્યારે તો આપણી પાસે 'પપ્પા ખાધુ, મમ્મી માથું દુઃખે છે, બામ ઘસુ, કેમ આજે ઓછું જમ્યા, લો આ ગોળી ગળી લો... વગેરે જેવા હૈયે ટાઢક વળે એવા શબ્દો હોંઠો પર કેમ નથી આવતા...? ને એમના સ્વર્ગવાસ પછી એ પીઈને રૂપાળા દૂધપાક ને પૂરી ઝાપટીએ.

જેની આંગળી ઝાલીને હરણફાળ ભરી હોય, જેણે આપણને આંખમાં સમાવી શમણાં જોયા હોય અને એમની ઢળતી ઉંમરે 'ટેકણ લાકડી' બનવાને બદલે 'ઠેલણ લાકડી' આપણે બનીએ... તો વિચારો... એમનો એકોએક શ્વાસોશ્વાસ આપણને શું કહેતો હશે...! રે... માનવી કેવી વિડંબણા હયાતીમાં હડસેલો ને પછી...? ■

# રામ રાજ્ય

રામ રાજ્ય એટલે શું ? રામ રાજ્ય કોને કહેવાય? સામાન્ય જીવનમાં આપણે કોઈને પૂછીએ કે કેમ છે ? બધા મઝામાં તો છે ને? ત્યારે આપણને સામેથી જવાબ મળે કે અત્યારે તો રામરાજ્ય છે. આવો જવાબ મળે એટલે આપણે સમજી જઈએ કે બધી વાતે સારાવાના લાગે છે. ઘર-કુટુંબમાં બધું સારી રીતે ચાલતું લાગે છે. ધંધા કામકાજ સારા ચાલતા લાગે છે. આપણા વડિલોને, સ્નેહીજનોને, પૂછીએ અત્યારનો સમય કેવો છે. ત્યારે વડિલો કહે કે લીલા લહેર છે, ત્યારે સમજવું કે લોકો ખૂબ જ સુખી સંપન લાગે છે. બધા હળીમળીને રહેતા લાગે છે. ‘‘ટકે શેર ભાજી ટકે શેર ખાજા.’’ જેવું રાજ્યમાં ચાલતું હોય તો સમજવું કે આ રાજ્યામાં ગુંડારાજ ચાલતું લાગે છે. જ્યાં કામ, દામ અને લોભ-લાલચ તથા મોહની બોલબાલા હોય તેવું રાજ્ય કળીયુગી રાજ્ય કહેવાય. નીતિ અને ધર્મને અપનાવે એનું નામ રામરાજ્ય, રામરાજ્ય એટલે રામનું રાજ્ય. એ કેવું હોય? લોકોને સ્વતંત્રતા મળે, ન્યાય મળે, તેમનું સર્વથા રક્ષણ થાય તેવું રાજ્ય. રામના જેવું ન્યાયથી ચાલતું રાજ્ય. દશરથ પુત્ર રામચંદ્રના રાજ્યમાં જેવી પ્રજા સુખી હતી તેવું રાજ્ય. રામના અમલ જેવો ન્યાયી અને સુખકર રાજ્ય કારભાર. પ્રજાને પૂરતુ સુખ હોય તેવું રાજ્ય. રામ નીતિ અને પવિત્ર જીવનનો પર્યાય હતા. પ્રજા કલ્યાણનો આદર્શ ચરિતાર્થ કરનાર ભગવાન રામ જેવા કર્તવ્યપાલક શાસક ઈતિહાસમાં ભાગ્યે જ જોવા મળશે. રામ અને રામરાજ્ય એકબીજાના પર્યાય છે. માણસે સમાજ વ્યવસ્થા ઉભી કરી ત્યારથી રામ રાજ્યની કલ્પના કરતો આવ્યો છે. રામરાજ્ય એટલે એવું રાજ્ય જેમાં સૌ સર્વે વાતે સુખી હોય, કોઈને કશી વાતની કમી ના હોય. કોઈ કોઈનું શોષણ ના કરે. એકબીજા સાથે ઝઘડા ના થાય. સૌને જરૂરિયાત પ્રમાણે આહારાદિ વસ્તુઓ મળી રહે. સર્વત્ર શાંતિ પ્રસરેલી હોય. સૌ પોતાનો ધર્મ સારી રીતે બજાવે. લાંબુ અને સ્વસ્થ આયુષ્ય ભોગવે. આવા રાજ્ય માટે આદર્શ રાજા જોઈએ. તે પ્રજાને સંતાનની જેમ જાળવે. તેનું પોષણ કરે તેનું રક્ષણ કરે. અન્યાય તથા શોષણ સામે રક્ષણ આપે પ્રજાને અગવડ ન પડવા દે.

રામ રાજ્યમાં અકાળે મૃત્યુ કે કોઈપણ પ્રકારની શારીરિક પીડા કોઈને નહોતી. કોઈ દીન-દુઃખી નહોતું. સર્વ લોકો ધર્મપ્રિય, દયાળુ અને ગુણવાન હતા. મનુષ્યો એક નારીવ્રતનું પાલન કરતા હતા. સહુ દંભ રહિત ધર્મપરાયણ અને પુણ્યાત્મા હતા. પુરૂષ અને સ્ત્રીઓ ચતુર અને ગુણવાન હતા. સહુ ગુણોનો આદર કરનારા હતા. જ્ઞાની હતા, બધાજ કૃતજ્ઞ એટલે કે બીજા દ્વારા કરવામાં આવેલા ઉપકારને માન આપનારા હતા. છળ-કપટ ધૂર્તતા કોઈનામાં નહોતી. ભગવાન શ્રીરામના સમયમાં ભારતમાં આવી સ્થિતિ હતી. ત્યારથી આદર્શ રાજ્યને ‘‘રામ રાજ્ય’’નું નામ અપાયુ હતું. અત્યારે ક્યાંય રામ રાજ્ય જેવી સ્થિતિ જણાતી નથી. એટલે ભારતની પ્રજાને સર્વથા સુખી કરવા માટે રામ રાજ્યના આદર્શ સ્વીકારી તેના સુપરિણામો ભારતના પ્રજાજનોને પરિપ્રાપ્ત થાય તેવા રાજા (વડાપ્રધાન)ની જરૂર છે. રામચરિત્ર માનસના રામરાજ્યના વર્ણનમાં માત્ર ભારતીય રાજતંત્ર માટે જ નહી પણ વિશ્વના દરેક દેશો માટે પ્રજા કલ્યાણનો અગત્યનો સંદેશ સમાયેલો છે. આજે વિશ્વમાં જીવન મૂલ્યોની આવશ્યકતા વધી રહી છે. જીવન મૂલ્યોની અવગણના ચરમસીમા પર છે. ત્યારે માનવ તથા

વિશ્વ કલ્યાણ માટે જીવન મૂલ્યોની આવશ્યકતા વધી રહી છે. જીવન મૂલ્યોના પતનના મહારોગની દવા રામરાજ્યના આદર્શ દ્વારા મળે છે.

આજનું જગત રામરાજ્ય બને તે માટે માનવ મૂલ્યોનું જગત થવું જોઈએ. કર્તવ્યનિષ્ઠ પ્રજાજનો અને પ્રજા કલ્યાણને વરેલા શાસકો જોઈએ. સત્તાને પણ સેવાને તથા જન કલ્યાણને સર્વાધિક મહત્ત્વ આપવું જોઈએ. કર્તવ્ય પરાયણતા અને શ્રેષ્ઠ નાગરિકત્વ વિકસાવવાની ભાવના હોવી જોઈએ. પદાધિકારી શાસક બનીને નહિ, પ્રજાના સેવક બનીને રાજ્ય ચલાવવાની ભાવના હોવી જોઈએ. શાસકો અને પ્રજા વચ્ચે એકાત્મક ભાવ અને સુમેળ હોવો જોઈએ. શાસકોને સત્તા સર્વોપરિતા ન હોવી જોઈએ. પણ જનહિતના કામ કરવાની સર્વોપરિતા હોવી જોઈએ. શાસકો તથા પ્રજાએ એકબીજાને સહકાર આપવો જોઈએ. રામચરિત્ર માનસના દરેક પાત્રોના ગુણો જીવનમાં સાકાર કરવા જોઈએ. પરસ્પર જતું કરવાની ભાવના રાખવી જોઈએ.

રામચરિત્ર માનસના આદર્શો જીવનમાં ઉતારી જીવન જીવવાથી રામરાજ્યની સ્થાપના થઈ શકે છે. પિતાની આજ્ઞાનું પાલન કરવા ભગવાન રામે રાજગાદી છોડી ચૌદ વરસ વનવાસ ભોગવ્યો. પતિના દુઃખે દુઃખી અને પતિના સુખે સુખી એવું ચરિતાર્થ કરવા સિતાજીએ પતિના પગલે વનવાસની વાટ પકડી. ભાઈ અને ભાભી રાજપાટ છોડી વનવાસ ભોગવતા હોય તો નાનો ભાઈ રાજમહેલમાં સુખી જીંદગી કઈ રીતે જીવી શકે, એટલે ભાઈ-ભાભીની સેવા કરવા લક્ષ્મણે પણ વનવાસની વાટ પકડી. રાજ સિંહાસન છોડી ચૌદ વરસ પર્ણકુટિરમાં જીવન વિતાવનાર ભરતની જતું કરવાની ભાવના વગેરે ઉત્તમ વિચારો રામચરિત્ર માનસમાંથી શીખવા મળે છે. રામ, લક્ષ્મણ, ભરત, સીતાજી, ઉર્મિલાજી, હનુમાનજી, સુગ્રિવ, વિભિષણ વગેરે પાત્રોના જીવનસાર સમજીને જીવીએ તો આપણા જીવનમાં પણ રામરાજ્યની સ્થાપના થઈ શકે. ‘‘સહુ પ્રેમથી બોલો જયશ્રી રામ’’

## શત્રુને મિત્ર કેમ બનાવવા ?

ભાવનાબેન મુકેશભાઈ ગાબાણી (પીપળીયા)

(૧) **કામ :** જે સ્ત્રી, પુત્ર, ધન ઈત્યાદિમાં રાખવામાં આવે છે, તે ત્યાં ન રાખતાં, અંતઃકરણપૂર્વક પ્રભુના જ્ઞાનમય સ્વરૂપને વિષે રાખવો ને તેના જ સાક્ષાત્કારની ઈચ્છા રાખવી, એટલે કામ સફળ થઈ શત્રુ મટી મિત્ર થશે, ને હિત કરશે. ધર્માનુકૂળ કામાદિ ગુણો એ ભગવત્સ્વરૂપ છે.

(૨) **ક્રોધ :** બીજા પર શા કામનો ? પોતાની જ મનોવૃત્તિઓને નીચ કાર્યોમાં (પરસ્ત્રી સંગ, પરધનેચ્છા, પરનિંદા ઈત્યાદિકમાં) પ્રવૃત્ત થતી અટકાવવા માટે જ કોપ કરવો; એટલે આપોઆપ મનોનિગ્રહ થશે અને એથી ક્રોધ સફળ થઈ પોતાનો મિત્ર થશે.

(૩) **લોભ :** જે ધન ઉપાર્જન કરવામાં પૂરેપૂરો રાખવામાં આવે છે તે, સંસારવ્યવહાર રૂડી રીતે ચાલી શકે, તેટલું દ્રવ્ય પ્રાપ્ત થયું એટલે બસ-આટલો જ રાખી, ખરેખરો લોભ પ્રભુના નામરૂપના સ્મરણ દર્શનમાં રાખવો ને તેમાં સદા અતૃપ્ત રહેવું. ગમે તેટલું ભજન પોતાનાથી થાય છતાં તેથી સંતોષ માનવો નહિ, કેમકે હરિના નામસ્મરણનો મહિમા અગાધ છે, એવો મનોનિશ્ચય કરી, તેમાં અતૃપ્તિ રાખવાથી લોભ સફળ થાય છે. નામસ્મરણથી નામી (સગુણરૂપે નામવાળો પરમાત્મા) પ્રત્યક્ષ દર્શન આપે છે; અને જ્યારે પ્રભુના દર્શન થયાં, ત્યારે શું બાકી રહ્યું ? સર્વ સુધર્યું જ! એવી રીતે લોભ સફળ થઈને મિત્રરૂપ થાય છે.

(૪) **મોહ :** મોહમય થઈ, સ્ત્રીના મુખપ્રતિ દૃષ્ટિ રાખી, પ્રપંચના બીજાં કાર્યમાં મોહાંધ બની, ભગવત્પ્રાપ્તિ સંબંધી યત્નો વગેરે સત્કર્મો ભૂલી જવાથી મોહાંધ બની, ભગવત્પ્રાપ્તિ સંબંધી યત્નો વગેરે સત્કર્મો ભૂલી જવાથી મોહ જીવનો નાશ કરે છે; પણ જો વ્યવહાર કાર્યમાં, સ્ત્રી-પુત્રાદિમાં વ્યવહાર પૂરતો પ્રેમ રાખી તેમાં બંધાઈ ન જવામાં આવે તો અને ખરો મોહ શ્રીહરિના મુખારવિંદમાં જ રાખવામાં આવે અને તે પર જ આસક્ત થવાય, તો મોહ મિત્ર થઈ કલ્યાણ કરે છે. એ જ્ઞાની જીવનું પરમ કર્મ છે. એ શ્રીહરિમાં મોહ રાખવાથી આ જગતમાં સુખદુ:ખ આપોઆપ ચિંત્તમાંથી ભૂલી જવાય છે. એ વાત તો નિર્વિવાદ છે કે જે વસ્તુની આસક્તિ-મોહ, તેની જ પ્રાપ્તિ; અર્થાત્ જે વસ્તુ નિરંતર ચિત્તમાંથી ખસતી ન હોય, તેનું કોઈકાળે પણ દર્શન થાય જ પરમાત્માના સગુણ સ્વરૂપનું ચિંતન રાતદિવસ હોય અને તે પર જ પ્રીતિ દૃઢ થઈ હોય તો પરમકૃપાળુ પ્રભુ પોતાના આર્ત ભક્તને અવશ્ય દર્શન આપે છે જ. એ જ પ્રમાણે મોહ પણ સફળ થાય છે.

(૫) **મદ :** હવે મદ, જે અન્ય પ્રાણીઓ પ્રતિ કરવામાં આવે છે,-'અરે! ફલાણો મને આમ કેમ કહે? રે! હું આવી ઉત્તમ વસ્તુનો ભોક્તા, તે આવી હલકી વસ્તુને કેમ અડુ? ફલાણો મને નમ્યો કેમ નહિ? હું તે કોઈને મસ્તક નમાવું કે?' એવા મદથી અત્યંત હાનિ છે. એમ મદને આધીન થનાર પુરૂષ ક્યારે વિનાશ પામશે, તે કહી શકાય નહિ. પોતાને જ સૌ વાતે યોગ્ય માનનાર સૌની નિંદાનું પાત્ર થઈ પડે છે. તે સારા માઠાની પરીક્ષા કરી શકતો નથી મદમસ્ત થનારો સૌની અવકૃપા મેળવે છે ને સૌને અળખામણો થઈ પડે છે. માટે એ મદનો ઉપયોગ એમ ન કરતાં, પોતાના જ શરીર પર કરવો. ''અરે! હું મનુષ્ય પ્રાણી છું; તેમાં યે હું (પુરૂષ-નરદેહવાળો) છું; મારી યોગ્યતા શું? શું પશુપક્ષીની યોનિમાં જન્મતાં પ્રાણીઓ કરતાં પણ મારી યોગ્યતા ગઈ? રે! તે પશુ પક્ષ્યાદિ યોનિમાં જન્મીને તો પ્રાણીથી તારણોપાયનું કશું સાધન થઈ શકતું નથી, માટે જ પ્રાણીની દયા જાણી પરમાત્માએ મને નરદેહ આપ્યો છે; તો હું શું પશુ વા પક્ષી કે એવો કોઈ હલકો પ્રાણી છું કે મારાથી તારણોપાય નહિ બને? હું તો મનુષ્ય છું. માટે મારી યોગ્યતા સમજી, અવસ્થાને યોગ્ય કરવાના કૃત્યો મારે કરવાં જ જોઈએ. ભાર શો છે કે મારાથી તે ન થાય? આ દેહમાં આવ્યા છતાં પણ હું ઈશ્વરપ્રાપ્તિ કેમ ન કરી શકું? આ દેહે કરી શ્રીહરિનાં સ્મરણકીર્તનાદિ સાધનોથી તેનું દર્શન હું ન પામું તો પછી હું મનુષ્ય જ શાનો? હું મનુષ્યદેહમાં અવતર્યો, તેનું સાર્થક્ય જ શું? જો આ દેહ વડે હું ઉત્તમ સાધન ન કરી શકું તો પછી ધિક્કાર છે મારા જન્મ્યાને! વિનાકારણે મેં જનનીને દહ માસ ભારે મારી! હું આટલો જ્ઞાતા બન્યા પછી મને મારા પરમાર્થ કાર્યમાં કોણ અટકાવી શકે એમ છે? ભાર શો છે મારી મનોવૃત્તિઓને ને ઈન્દ્રિયોનો કે તેઓ મને ઉપાધિમાં લીન કરી પરમાર્થ કાર્યથી વેગળો કાઢો? ખબરદાર, હે મનડા! મને સાવધ રહેવા દો: દૂર જાઓ માયારૂપી પિશાચો! મને આંતર નહિ, મારું કાર્ય કરવા દ્યો. હું મનુષ્ય છું, મેં સદ્ગુરુનું શરણ લીધું છે, અંતર્યામી પરમાત્મા મને સહાય છે, મારો દેહ સર્વ પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠ છે, એટલું મારા જાણવામાં છે. હું પ્રભુપ્રાપ્તિનો પ્રયત્ન મારાથી બનશે તેમ સિદ્ધ કરીશ ને કરીશ જ!'' આ પ્રમાણે મદનો ઉપયોગ કરવો કે જેથી તે સુદૃઢ અને ખરા અભિમાનથી પરમ સ્વરૂપના અનુસંધાનમાં જોડાય છે.

(૬) **મત્સર :** હવે છેલ્લો મત્સર વશ કેમ કરવો? 'ફલાણાને કંઈ નહોતું ને હમણાં તે મોટો પૈસાવાળો થઈ પડ્યો, એ શું? હેં ! ફલાણો મારા

કરતાં વધારે સુખી અથવા પ્રતિષ્ઠાવાળો ને વગવાળો? એ તો મને ઠીક લાગતું નથી. તો પાછો દુ:ખી કે પ્રતિષ્ઠાહીન થાય તો ઠીક!' મત્સરનો ઉપયોગ કરવો નહિ. ગુણ, દાન, વિદ્યામાં અન્યને પોતાથી શ્રેષ્ઠ જોઈ, તેનો દ્વેષ કરી, તેને હલકો પાડવાનો પ્રયત્ન ન કરવો, પણ તેના જેવા કે તેનાથી શ્રેષ્ઠ બનવામાં મત્સર રાખવો. ભક્તરાજ પ્રહલાદ, ધ્રુવ, નામદેવ, તુકારામ, જ્ઞાનદેવ, નારદ, સનક આદિ જેવો હું કેમ ન થાઉં, એમ મનમાં વિચારવું. મત્સર કરવો તો તે નારદના જેવો કરવો કે જે મત્સર પરમ કલ્યાણકારી થઈ પડે છે.

કોઈક પ્રસંગે અમર સભામાં સંગીત થતું હતું ત્યાં તુંબરું નામના દિવ્ય લોકના ગવૈયાએ એવું ઉત્તમ ગાન કીધું કે બ્રહ્માદિ તેની પ્રશંસા કરવા લાગ્ય. તે પરથી નારદના મનમાં મત્સર ઉત્પન્ન થયો. નારદે વિચાર્યું કે હું તુંબરથી શ્રેષ્ઠ કેમ ન થાઉં? પછી તેણે નારદનો મત્સર વિવિધ પ્રકારના સંગીતનો અભ્યાસ કર્યો. શંકર-પાર્વતી પાસે તાંડવ ને લાસ્યના નૃત્યુ સંગીતનો અભ્યાસ કર્યો. લક્ષ્મી અને સરસ્વતી પાસેથી સંગીતના રાગ અને રાગણીનાં સ્વરૂપો, આરોહ-અવરોહના ભેદો, તાલ, સૂર, પલટાના ભેદો જાણ્યા અને ખુદ સંગીતની અધિષ્ઠાત્રીને પ્રસન્ન કરી સંગીતના સર્વ અંહનું જ્ઞાન સંપાદન કીધું. પછી અમરસભામાં જઈ સંગીત કર્યું.

અમરોએ 'વાહ! વાહ! કરી, પણ બ્રહ્માએ કહ્યું : 'નારદ! સંગીત તો સુંદર કર્યું; પણ તુંબર જેવું નહિ!''

નારદજીને એથી ખૂબ ખોટું લાગ્યું. તેણે પુન: અભ્યાસ કીધો ને પુન: બ્રહ્માએ એમ જ કહ્યું. છેવટે તેમણે નિર્મત્સરી બની તંબરું પાસે જઈ સંગીતનો અભ્યાસ કીધો ને બ્રહ્મસભામાં સંગીત કર્યું. ત્યારે બ્રહ્મદેવે કહ્યું : ''ધન્ય! ધન્ય! નારદ! તારા આગળ તુંબરુ કોઈ તુલનામાં નથી! તું પૂર્ણ સંગીતનો જ્ઞાતા છે! તારી તુલનાઓ હાહા, હૂહૂ, તુંબરું કે કોઈ પણ આવે એમ નથી!''

માટે મત્સર એવો રાખવો કે ઉત્તમ-રે સર્વોત્તમ કેમ થવાય? અધમ મત્સર આત્માની ઉન્નતિનો નાશ કરે છે. 'પૂર્વકાળમાં મહાન પુરૂષો થઈ ગયા છે ને જેમણે ભક્તિથી પરમાત્માને વશ કર્યા છે ને જ્ઞાનથી તેનું પરમસ્વરૂપ જાણ્યું છે ત્યારે હું શું કમ છું કે મારાથી તેમ ન બને? મારે પણ તેવો યત્ન કરવો જોઈએ. મારામાં શી વસ્તુ ઓછી છે ને હું શી વાતે અયોગ્ય છું. કે જેથી મારા પર પરમાત્મા કૃપા નહિ કરે?' એવા નિદિધ્યાસનથી મત્સરને પોતાનો મિત્ર કરવો જોઈએ.

એમ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર- એ છ યે ગુણો જેઓને ન ચાલતે દોષો, શત્રુઓ કહેવા પડે છે, તેઓને યોગ્ય રીતે સેવવામાં આવે તો તેઓ મિત્રની પરમસન્મિત્રની ગરજ સારે છે રે એ શત્રુઓ મિત્ર બની મનુષ્યના કલ્યાણકર્તા થઈ પડે છે. માટે સત્-ચિત્-આનંદ-ના પદની ઈચ્છાવાળાએ, એ શત્રુઓને એ રીતે અવશ્ય મિત્ર કરી લેવા. ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં કહ્યું છે કે ધર્મથી અવિરૂદ્ધ કામ, ક્રોધાદિ મારા જ સ્વરૂપો છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ પીપરીયા (ભાલ), તા. બરવાળા સ્વ. હિંમતભાઈ પરશોત્તમભાઈ દિયોરા (ઉ.વ.૭૫) સંવત ૨૦૮૦ પોષ સુદ-૫ ને સોમવાર તા.૧૫-૧-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.**

**શ્રી સદ્ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

એકવાર વ્યાસજી જઈ રહ્યા હતા. ત્યાં એક કીડો આગળ જલ્દી જલ્દી જઈ રહ્યો હતો. તો વ્યાસજી એ પૂછ્યું કે તું જલ્દી જલ્દી ક્યાં જાય છે? તે બોલ્યો આ ગાડું ચાલે છે. તેમાં માણસો વાતો કરે છે તેની વાતો હું સાંભળું છું તે ગાડું આવે છે. મને મરવાની બીક છે. વ્યાસજી બોલ્યા આ જન્મમાં તને એનું સુખ છે. પાંચ વિષયોમાંથી કોઈ વિષય તારી પાસે નથી તો તે બોલ્યો કે મારો ગયો જન્મ ક્ષુદ્ર નો હતો ત્યારે હું સાધુ સંતો બ્રાહ્મણ નો કટ્ટર વિરોધી હતો. મેં કોઈ સત્કર્મ કર્યું નથી. અતિથીનો સત્કાર કરવો એ ગૃહસ્થીનો ધર્મ છે. ગૃહસ્થીનો ધર્મ છે. અતિથી સત્કાર કરવો જોઈએ. વેદના મંત્રો. માતૃ દેવો ભવ. પિતૃ દેવો ભવ. આચાર્ય દેવો ભવ. અતિથિ દેવો ભવ.

**'હે જી તાર આંગણીયા પૂછીને જે કોઈ આવે**
**આવકારો મીઠો આપજે**
**હે જી તારે કાને સંકટ કોઈ સંભળાવે.**
**બને તો થોડું આપજે રે જી**
**કાગ એને પાણી પાજે, સાથે બેસી ખાજે રે**
**એને ઝાંપા રે સુધી તૂ મેલવા ...**

સુવિધા અનુસાર અતિથિ સત્કાર કરવો એ ધર્મ છે. કીડો કહે છે કે હું જ્યારે શુદ્ર યોનીમાં હતો ત્યારે સાધુ સંતોનો સત્કાર નોતો કરતો. નીંદા કરતો હતો.

**સંત પુરૂષોનો સંગ બેની, અમને ભાગ્યે મળ્યો રે.**

સંત પુરૂષની સેવા ન થાય તો કાંઈ નહિ પણ નીંદા ન કરવી. અડસઠ તીરથ સંતના ચરણમાં છે. જ્યારે ઘરે પધારે ત્યારે પગ ધોઈને ચરણામૃત લઈએ છીએ કેમ કે અડસઠ તીરથ તેના ચરણમાં છે.

કીડો કહે કે હું બ્રાહ્મણ સંત પુરૂષોનો કટ્ટર વિરોધી હતો. મારા સ્વાર્થને ગમે તે રીતે સિદ્ધ કરતો મેં જીવનમાં કંઈ જ સારું કર્યું નથી. મેં માની સેવા કરી હતી. અને એક બ્રાહ્મણની સેવા કરી હતી. તેથી જ મને આગલો જન્મ યાદ છે. મારું કલ્યાણ થાય એવું કરો. તો વ્યાસજીએ કહ્યું કે હું એ બ્રાહ્મણ હું જ હતો. તું ગાડા નીચે આવી જા તારો જન્મ ક્ષત્રિય કુળમાં થશે તે પ્રમાણે થયું અને તેણે વ્યાસના દર્શન કર્યા. તેણે કહ્યું કે મને મુક્ત કરો. તો વ્યાસજીએ કહ્યું કે આગલો જન્મ તારો બ્રાહ્મણનો થશે ત્યારે કલ્યાણ થશે. તેજ પ્રમાણે બન્યું. તેને પાપ કર્મનું ફળ કીડાના જન્મ રૂપે મળ્યું અને પુણ્ય કર્મનું ફળ તેને સંત સમાગમ થયો તે મુક્ત થઈ ગયો. સંત પુરૂષોની સેવા જેવા સત્કર્મ કરવા.

★ ભાગવત એ ભગવાનનું વાઙ્મયરૂપ છે. વાઙ્ એટલે વાઁણી. ★ ચાર પ્રકારની વાણી. - પરા, પશ્યનતિ, મધ્યમા, વૈખરી. ★ જેમાં ભગવાન સબંધી વાત હોય તેને ભાગવત કહેવામાં આવે. ★ આપણી પાસે કીચડ સમાન હાડકા, ચામડાનું શરીર છે અને કમળ સમાન પરમાત્માનો આનંદ છે તો શાનો લાભ લેવો? ★ **ક્ષમા વિરસ્ય ભૂષણમ્** 'ક્ષમા વિરનું ભૂષણ છે.' અધિકાર વગર ઉતરતું નથી. બુદ્ધિશાળી માણસે જે સદા હોય અને સર્વદા હોય તેને જાણવાની જીજ્ઞાસા કરવી. સદા અને સર્વદા હોય તે પરમ સત છે. ★ બૃહઃ ઉપચ : **અસતો મા સદગમય, તમસો મા જ્યોતિર્ગમય, મૃત્યો ર્મા અમૃતંગમય.** આ વૈદિક પ્રાર્થના છે. ★ સદા રહે એ સત્ સદા ન રહે તે અસત સદા અને સર્વદા રહે તે પરમ સત. ★ સાંખ્ય શાસ્ત્રમાં ચિત્તને મહાન માનવામાં આવે છે અને વેદાંત શાસ્ત્રમાં મનને મહાન માનવામાં આવે છે. ★ મન જ માનવને બંધનકર્તા છે તે જ મુક્તિ દેવાવાળું છે. મન જે વિષયમાં આસક્ત બને તો બંધનકર્તા છે. મન પરમાત્મામાં આસક્ત બને તો મુક્તિ દેવાવાળું છે.

★ સાધુ કેવા હોય : તીતીક્ષાવાળા હોય, કરુણા વાળા હોય, વગર કારણે હિત કરવાવાળા હોય અને એને કોઈ સાથે શત્રુ ભાવ ન હોય જેનું ચિત્ત શાંત હોય. આવા સાધુ પુરૂષોનો સંગ કરવાથી શું લાભ થાય?

જીવ જલ્દી જલ્દી પોતાના દોષોને દૂર કરી પરમાત્માને પ્રાપ્ત કરી શકે છે. સત્સંગ કરવાથી પરમાત્મામાં પ્રેમ થઈ શકે છે.

★ પ્રકૃતિ - શરીર, પુરૂષ - આત્મા : સાંખ્ય શાસ્ત્રમાં ૨૫ તત્વ માનવામાં આવે છે કે, ૨૪ તત્વ પ્રકૃતિના અને ૧ પુરૂષ માનવામાં આવે છે. ૫-જ્ઞાનેદ્રિય, ૫-કર્મેન્દ્રિય, ૫-પ્રાણ, ૫-ભૂત, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર અને ૨૫ મું આત્મ તત્વ.

પુરૂષ અવિકારી છે આત્મા નિર્વિકારી છે. હું શરીરમાં રહેવા છતાં નિર્વિકારી છું. આત્મા અકર્તા છે. ગુણ રહિત છે. 'જલાર્કવત' સૂર્યનું પ્રતિબિંબ જળમાં પડે જળ હલતુ હોય તો પ્રતિબિંબ હલતુ દેખાય, જળ ગંદુ હોય તો પ્રતિબિંબ ડોળું દેખાય, પણ તેનાથી સૂર્યને કોઈ ફેરફાર થતો નથી. એવી જ રીતે આત્મા અસંગ અને નિર્લેપ રહે છે. શરીર જૂનું થાય ઘરડું થાય પણ હંસલો ઘરડો થતો નથી.

★ વેદો કહે છે. **'અમૃતસ્ય વૈ પુત્રાઃ।''** હું નિત્ય, શુદ્ધ, બુદ્ધ મુક્ત આત્મા છું. એમ માનવાથી આત્મા શરીરમાં રહેવા છતાં અલિપ્ત રહે છે.

★ **ભક્તિ :** તામસ, રાજસ, સાત્વિક, ઉત્તમ. તામસ ભક્તિ કે જે કોઈ નિમિત મનમાં દૃઢ કરી હિંસા કરે, દંભ કરે, છળકપટ કરી ભેદ રાખી ભક્તિ કરે, હું જુદો છું ને ભગવાન જુદો છે. તેમ માને તે તામસ ભક્ત **રાજસ ભક્તિ** વિષયને આગળ રાખી કોઈ હેતુને માટે અને પૂજા વખતે જ મૂર્તિમાં ભગવાન માને તેને રાજસ ભક્ત.

★ **સાત્વિક ભક્તિ :** મને પરમાત્માએ શરીર આપ્યું છે તો મારે ભક્તિ કરવી જોઈએ. મારું કર્તવ્ય છે. યજ્ઞ કરવા જોઈએ પણ ભેદ હોય તે સાત્વિક ભક્તિ છે.

★ **ઉત્તમ ભક્તિ :** એ બધા કરતાં ઉત્તમ ભક્ત છે. જે મારા ગુણ સાંભળી મારામાં મગ્ન બને મનને ૨૪ કલાક મારામાં જ રાખે, ગંગાનો પ્રવાહ નિત્ય ૨૪ કલાક ગંગામાં મળે છે. અખંડ ધારા સમુદ્રમાં મળે છે. એમ અખંડ ભક્તિ કરે તે બધા કર્તા ઉત્તમ છે. હું બધામાં આત્મા રૂપે અવસ્થિત છું. એની અવગણના કરીને મૂર્તિમાં જ ભગવાન માને તે જ અજ્ઞાનતા છે. હું સર્વ ભૂતોની અંદર આત્મારૂપે ઈશ્વર રૂપે રહેલો છે તે છોડીને જે મૂર્તિ રૂપે પૂજે છે. તો તે રખ્યામાં ઘી હોમવા જેવું વ્યર્થ છે. નકામું જાય.

કપિલ ભગવાન માતાને કહે છે કે જે ચેતનને છોડીને જડની પાસે જાય તેનું કરેલું નકામું જાય.

★ શરીરમાં રહેવું એ નરક છે અને આત્મામાં રહેવું એ સ્વર્ગ છે. - જે પોતાના હૃદયમાં રહેલા આત્માને હું આત્મા છું એવું જાણતા નથી, એ બધા નપુંસક છે. એટલે હાડકા, ચામડા, મળ મૂત્રના શરીરમાં મોહ ન કરવો. જે કપિલ ભગવાન અને માતાના ચરિત્રનું સાંખ્ય શસ્ત્રનું શ્રવણ કરે છે તે જલ્દી જલ્દી મોક્ષના ભાગીદાર બને છે.

★ ધર્મની ૧૩ પત્ની છે. દક્ષ રાજાને ૧૬ પુત્રી હતી. તેમાંથી ૧૩ પુત્રી ધર્મની સાથે પરણાવી. શ્રદ્ધા, મૈત્રી દયા, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, ક્રિપા, ઉન્નતિ, મેઘા. જ્યાં ધર્મ હોય ત્યાં આ બધુ જ આવે છે. ભગવાન બધા શીલોની અંદર શીલવાન છે. વિષ્ણુ ભગવાન પોતે કહે છે કે હું બ્રહ્મ અને શંકર એ ત્રણે એક જ છીએ. અમે બધાનો આત્મા છીએ સાક્ષી છીએ. ઉપાધી રહિત છીએ અમે ત્રણે એક છીએ કોઈ ભેદ નથી. હે દેવતાઓ, માયાનો આધાર લઈ અમે ત્રણે ગુણ ભેદને લઈ સર્જન રક્ષણ અને સંહાર કરીએ છીએ. રજો ગુણથી સૃષ્ટિ ઉત્પન્ન થાય બ્રહ્માથી. સત્વગુણથી સૃષ્ટિપાલન (સ્થિતિ) વિષ્ણુથી. તમો ગુણથી સૃષ્ટિનું સંહાર થાય મહેશથી. જેમ શરીરમાં હાથ અને પગ જદા છે પણ માથું બીજાનું, પગ જુદા બીજાના એવી ભેદ બુદ્ધિ થતા નથી. એવી રીતે બ્રહ્મા વિષ્ણુ અને મહેશ એક જ છે. જુદા નથી..

**દૃષ્ટાંત** : ભગવાન વિષ્ણુ ભક્તની રક્ષા કરવા ગયા. લક્ષ્મીજી એકલા પડ્યા તે પાર્વતી પાસે ગયા. લક્ષ્મીજીએ પાર્વતીજીને પૂછ્યું., લક્ષ્મીજી પોતે પોતાના

પતિને ધનવાન માને છે અને ભગવાન શંકર ક્યાં છે એમ ન કહ્યું ભિખારી ક્યાં ગયા? પાર્વતીજીને વિચાર થયો કે ઠેઠ વૈકુંઠથી કૈલાસ આવી છે તો તે બીજાનું શું કામ હોય, પોતાના પતિનું જ પૂછે ને જા બલી રાજાના દરબારમાં (વામન અવતાર)? લક્ષ્મીજી કહે નહિ પશુ પતિ ક્યાં ગયા? પશુના પતિ કોણ છે? ભગવાન શંકર તેનું વાહન નંદી છે. જાતું ગોકુળમાં જા ગાયો ચારે છે. વળી પાછા લક્ષ્મીજી ફરી ગયા. પન્નગ ભૂષણ ક્યાં ગયા? ભગવાન શંકરનું ભૂર્ષણ શું? સર્પ પાર્વતી કહે હે લક્ષ્મી, જા ક્ષીર સાગરમાં જા શયન કરે છે. જેમ ભગવાન શંકર પન્નગ ભૂષણ છે એમ ભગવાન વિષ્ણુ પણ પન્નગ ભૂષણ છે. લક્ષ્મીજી કહે કે હે સતી પાર્વતી આવા પતિને કેમ પકડીને બેઠી છો. પાર્વતી કહે.. તારું મન ચલિત થયું હોય તો તુ બીજુ કરી લે હું હિમાલયની પુત્રી છું. તું સાગર ચંચળની પુત્રી છો. આના ઉપરથી સમજવાનું કે ભગવાનમાં કોઈ ભેદ નથી. વેદો કહે છે કે કોઈ ભેદ નથી. એક જ બ્રહ્મ ભરેલું છે. નામ જોવો તો પણએક જ છે. શંકર કોને કહેવાય, કલ્યાણ કરે તે શિવ. આખુ જગત જેમાં શયન કરે છે વિષ્ણુ- જે આખા જગતમાં વ્યાપક છે. ભગવાન શંકરને હર કહેવાય. પાપને હરણ કરે તે હર અને પાપને હરણ કરે તે હરિ. વિષ્ણુને જગન્નાથ કહેવાય અને ભગવાન શંકરને વિશ્વનાથ કહેવાય. બંને એક જ છે. ભગવાન શંકર ચોરોના પતિ કહેવાય છે. કૃષ્ણ અવતારમાં શું કર્યુ ? ભગવાન શંકરના ઈષ્ટ દેવ વિષ્ણુ અને ભગવાન વિષ્ણુના ઈષ્ટ દેવ ભગવાન શંકરે.

★ ધર્મ નિત્ય છે અર્થ અને કામ અનિત્ય છે અને મોક્ષ પરમ પુરૂષાર્થ છે. અર્થને માટે ધ્રુવનું ચરિત્ર છે.

★ **સાત માળનો મહેલ બનાવ્યો.**

**ફર્નિચર બનાવ્યું, બહું સારું,**

**સાત વેતનો સાથડો તારો, બીજું બધુ પરબારું.**

મનને મોક્ષના ભાગીદાર થવા માટે જોડો.

★ શ્રીમદ્ ભાગવતમાં ઋષભદેવ પોતાના પુત્રોને કહે છે, 'હે પુત્રો, મનુષ્ય લોકમાં મનુષ્ય શરીર મળ્યું છે. વિષ્ટા ખાવાવાળા જે છે (કાગડા, કૂતરાં) એ એના જેવું સુખ લેવા માટે આ શરીર નથી. **'નાયં દેહો ન અયં.'** **મનુષ્ય દેહ શાના માટે** છે ?

હે પુત્રો તમે જ તપ કરો? મન અને દસ ઈન્દ્રિયઓ આ અગિયારનો સંયમ કરવો એનું નામ છે તપ. 'કુલં પવિત્રં જનની કૃતાર્થા....'

જેનું ચિત એક ક્ષણવાર સ્થિર થાય તો કુલ પવિત્ર થઈ જાય એની જનની કૃતાર્થ થઈ જાય. જ્યાં જાય ત્યાં ભૂમિ પણ પવિત્ર થઈ જાય.

જેટલું ઈન્દ્રિયોથી પાપ છે. તેવું બીજાથી થતું નથી. વગર જીતેલી ઈન્દ્રિઓ શત્રુ છે અને જીતેલી ઈન્દ્રિયો મિત્ર છે. ઈન્દ્રિયોનો જેટલો સંયમ એટલું જ અંતઃકરણ શુદ્ધ. આંખથી જુવો તો સારું જોવો નહિ તો બંધ કરી દો. કાનથી સાંભળો તો સારું સાંભળો (નિંદા સાંભળવાથી લાભ નથી.) નહિ તો કાન બંધ કરી દો. બોલો તો સારું બોલો નહિત તો મૂંગા રહેવું.

પરોપકારના કાર્ય કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય. નિષ્કામ ભાવે કર્મ કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય. જો અંતઃકરણ શુદ્ધ થાય તો બ્રહ્મનું સુખ મળે.

**માતા શત્રુ પિતા વેરી યેન બાલો ન પાઠિત.**

**ન શોભતે સભા મધ્યે હંસ મધ્યે બકો યથા.**

જે પોતાના હૃદયમાં રહેલા આત્માને સમજે તે આત્મા. જે શાંત હોય, ક્રોધથી રહિત હોય, વિદ્યારણ્ય સ્વામીએ કહ્યું છે કે મહાપુરૂષોની સેવા કરવાથી એની દયા થાય તો જીવનની અંદર પાત્રતા આવી શકે. ઋષભ દેવ પોતાના પુત્રોને... અહંતા અને મમતા દૂર કરવાના સાધન બતાવે છે. (આત્મજ્ઞાન પ્રાપ્ત) (૧) હંસ-પરમાત્માની ભક્તિ, (૨) ગુરુની ઉપાસના કરો. (૩) પિતાની (ઋષભદેવની) ઉપાસના કરો. (૪) દ્વંદ્વોને સહન કરો. (૫) દેવના દર્શન માટે દેવનું કિર્તન કરો. ધનની ઈચ્છાઓ છોડો.

જે પોતાના પુત્રોને ને શિષ્યોને મૃત્યુના મુખમાંથી ન છોડાવે તે સાચા પિતા નથી અને સાચા ગુરૂ નથી. ■

હંસાબેન બી. ગોયાણી (સુરત-ચોગઠ)

**સાખી : શ્વાસ ભક્તિ સંતકી જગત કર્મ આધાર, જોગ જંગલમાં જવાથી નહિ જડે પણ આપમાં આપ**

જય સચ્ચિદાનંદ જુઓ સમાજ ને માટે સંત એક મોટા વડલા સમાન છે. સંસારની આધિ વ્યાધિથી ચિંતા જનક મનુષ્ય માટે તેઓ શીતળ છાંયો આપી રાહત પહોંચાડે છે. ગમે તેવી મુશ્કેલીઓમાંથી આપણને એક રાહ બતાવીને રસ્તો બતાવે છે. સાચા માર્ગે વાળે છે. ને જીવનનો ધ્યેય બતાવે છે. ને મનની મૂંઝવણોનો ઉકેલ બતાવે છે. એટલા માટે જ સમાજમાં સંતોની ખૂબ જરૂર છે. આપણાં જીવનને ઉન્નત બનાવી સાચી સમજણ આપે છે. ખોટામાંથી પાછા ફરવાનું બતાવે છે. સાધુ સંતો મહાત્માઓ પોતે એકાંત સ્થાનમાં રહીને તપશ્ચર્યા કરીને આપણને (લોકોને) ઉપયોગી થાય છે. ને પરમારથ કરે છે. મનુષ્ય જીવન સફળ કરવાનો સાચો રસ્તો બતાવે છે. આપણા જેવા પામર માણસને અંધારેથી અજવાળે પહોંચાડે છે. ને મનુષ્ય જીવન જીવતા શીખવે છે. આપણી જેવા પામર માણસને (જીવ) અંધારેથી અજવાળે પહોંચાડે છે. ભૂલેલા મારગથી (રસ્તેથી) યાદ કરાવીને સાચા માર્ગે ચલાવે છે. આવા સતકર્મો કરતા રહે છે. એટલા માટે સંતો ગુરૂઓ આપણા માટે ઈશ્વર સમાન છે. જુઓ - ઈશ્વર (ભગવાન) કોઈ બીજે દેખાય તેમ નથી. ગુરૂ તેજ ભગવાન ગુરૂ તેજ ઈશ્વર. સાચા ભગવાન એક આપણા ગુરૂજ છે. જુઓ ભાઈઓ પોતે કષ્ટ વેઠીને પણ બીજાને શાંતિ આપે છે. જેમ ઝાડ પોતાનો છાંયો બીજાને આપે છે. ને જીવ માત્ર માટે ઉપયોગી બને છે. તેવી જ રીતે ગુરૂ આપણો છાયો બનીને આપણાં જીવનમાં સાચી શાંતિ આપે છે. પણ લઈએ તો. બીજે કાંઈ શાંતિ નથી નથી ને નથી. શાંતી અને જ્ઞાન જીવનનો રસ્તો બદલવા માટે ગુરૂના શરણ સિવાય બીજે કશે ભટકવું નહિ. ગુરૂ એટલે ગુરૂ પણ આપણે એક પગલુ પાછા રહીએ છીએ કે આપણને કષ્ટ નથી પહોંચાતી આપણે મન કહે તેમ કરવું છે. માલિક કહે તેમ નહિ. માલિક તો આપણા ગુરૂ છે. ભાઈ બીજું તો અંધારામાં નાખે તેવું ચે. આ શરીરને કોઈ જાતની અગવડો ન આવવી જોઈએ બસ સમાજમાં હું કેવી રીતે સારોને મોટો કહેવડાવું, બીજાનું અહિત કરીને બીજાને દુખ પહોંચાડીને પણ મોટું થાવુ છે. પણ અરેરે ભાઈ આતો માયાનો ખેલ છે. ને ખોટામાં જવાવાળું છે. તે એક દિવસ જરૂર ને જરરૂ રડાવશે છે. જુઓ કહ્યું છે ને?

**ખોટામાં ખોવાય જશો તો દુઃખના દરિયા ઉભરાશે.**

આતો માયાનો ખેલ છે. તો રમકડાં સાથે રમવું છે.

**માયા તુજને લાગે પ્યારે અંતે એતો રહેશે ન્યારી.**
**માયા મારશે તુજને માર ભજમાં આવો નરને નાર**

આ માયાના રમકડામાં દિવસને રાત રમ્યા રહેવાનું છે. આ મનુષ્ય જીવન મળ્યું છે. તે ભગવાનનું ભજન ગુરૂજીની સેવા વચનનો પ્રમાણે ચાલીને જીવન ધન્ય બનાવીએ પણ અત્યારે માણસ ક્યાં જાય છે તે ખબર નથી. ચીંધે રસ્તે ચાલે છે તેને પણ પાસો વાળે છે. અરેરે આવા દુરિજનથી છેટા રહેવું હો ભાઈ તો આવા માણસોથી દૂર રહેવું. હમેંશા સંતોનો સંગ કરવો. ગુરૂજી કહે તેમ કરવું. સારા વિચારો રાખવા. બીજાને દુઃખ પહોંચે એવું ક્યારે ન કરવું. આ સમયમાં આપણને કેવા ગુરૂ મળ્યા ને સાચા માર્ગની કેડી બતાવીને જુઓ. આ સંસારમાં જો કંઈ દુર્લભ હોય તો માનવ દેહની પ્રાપ્તિને ને મોક્ષની ઈચ્છા થવી દુર્લભ છે. જય સચ્ચિદાનંદ. ■

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ રાજપરા (ભાલ), તા. વલ્લભીપુર સ્વ. જેરામભાઈ રણછોડભાઈ કોશિયા (ઉ.વ.૮૫) સંવત ૨૦૮૦ પોષ વદ-૪ ને સોમવાર તા.૨૯-૧-૨૦૨૪ ના રોજ માધવ શરણ પામેલ છે.

શ્રી સદ્‌ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.


ૐ જય ગુરૂ શિવોહંસાગર સ્વામીજી, જય ગુરૂ શિવોહંસાગર સ્વામીજી
કરું જ્યોતિથી આરતી...(૨) વંદુ શીશ નામી...ૐ જય ગુરૂ...૧
આદિતે અવગુણ ત્યાગી, સદ્‌ગુણના છો સાચા...ગુરૂ સદ્‌ગુણ...(૨)
ષટશાસ્ત્રો ને જાણીયા (૨) વેદાંતના નહીં કાચા...ૐ જય ગુરૂ...૨
સોમે સત્ય સ્વરૂપ જાણી અસત્ય દીધું ત્યાગી...ગુરૂ અસત્ય...(૨)
ભવનું તે ભટકણ ભાંગ્યું (૨) અખંડ જ્યોત જાગી...ૐ જય ગુરૂ...૩
મંગળ માન તજીને વિશ્વમાં વિચરીયા...ગુરૂ વિશ્વમાં (૨)
માન મમતાને ત્યાગી (૨) ભક્તોના કામ કરીયા...ૐ જય ગુરૂ...૪
બુદ્ધિ બાહ્યર દ્રષ્ટિ ત્યાગી, ભીતરમાં ભળીયા...ગુરૂ ભીતરમા (૨)
જળ હળ કિરણ ઝળકયા (૨) બ્રહ્માનંદમાં ભળીયા...ૐ જય ગુરૂ...૫
ગુરૂ જ્ઞાન તણા દાતા, ભક્તોના સંકટહારી...ગુરૂ ભક્તોના...(૨)
ભુક્તિ મુક્તિના પ્રેરક (૨) સર્વ સિદ્ધિકારી...ૐ જય ગુરૂ...૬
શંકર સદ્‌ગુરૂનું સ્મરણ કરતાં, નિજાનંદમાં ભળીયા...ગુરૂ નિજાનંદ...(૨)
વાસના બીજ નાખ્યું બાળી (૨) જ્ઞાન-ગંગામાં ગળીયા..ૐ જય ગુરૂ..૭
શનિ ષટ્‌ચક્રોને છેદી, અનહદ નાદ જગાવ્યો...ગુરૂ અનહદ (૨)
વિણા મૃદંગ વાગ્યા (૨) અખંડ જ્યોત પ્રગટાવ્યો...ૐ જય ગુરૂ...૮
ગુરૂ શિવોહંસાગરની આરતી, ભાવે જે કોઈ ગાશે...ગુરૂ ભાવે (૨)
મન વાંચ્છિત ફળ પામી (૨) અખંડ જ્યોતમાં સમાશે...ૐ જય ગુરૂ...૯

✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤

ગુરૂર્બ્રહ્મા ગુરૂર્વિષ્ણુ ગુરૂર્દેવો મહેશ્વરઃ ।
ગુરૂ સાક્ષાત્ પરંબ્રહ્મ, તસ્મૈશ્રી ગુરવે નમઃ ॥

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ ત્વમેવ સર્વં મમ દેવ દેવઃ ॥

✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤ ✤



## પ.પૂ. શાસ્ત્રી શ્રી સુરેશ્વરાનંદસાગરજી મહારાજનો કાર્યક્રમ
## ઓજરાળા ગામના આંગણે શિવ મહાપુરાણ કથા

**વક્તા : પરમ પૂજ્ય શાસ્ત્રીશ્રી સુરેશ્વરાનંદસાગરજી મહારાજ**

પોથીયાત્રા : સંવત ૨૦૮૦ ફાગણ સુદ - ૫ ને ગુરુવાર તા. ૧૪-૦૩-૨૦૨૪ સવારે ૮:૦૦ કલાકે.

કથા પ્રારંભ : સંવત ૨૦૮૦ ફાગણ સુદ - ૫ ને ગુરુવાર તા. ૧૪-૦૩-૨૦૨૪

કથા પૂર્ણાહુતિ : સંવત ૨૦૮૦ ફાગણ વદ સુદ - ૧૩ શુક્રવાર તા.૨૨-૦૩-૨૦૨૪

કથાનો સમય : સવારે ૯:૦૦ થી ૧૧:૩૦ બપોર પછી ૩:૦૦ થી ૫:૦૦

**આયોજક** : શ્રી શિવ શક્તિ ભજન મંડળ - ઓઝરાળા,

કથા સ્થળ : મુ. ઓઝરાળા, તા.ઠાસરા, જિ. ખેડા.

ઓઝરાળા આવવા માટે ડાકોર-કપડવંજ રોડ ઉપર રાવઠી બસ સ્ટેન્ડે ઉતરવું.

---



## શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ-અધેવાડા આયોજીત
## શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ - હરદ્વાર

**પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી ભાગવત સપ્તાહના પ્રારંભના બે દિવસ દર્શન તથા સત્સંગનો લાભ આપશે.**

**કથાના વક્તા : પરમ પૂજ્ય બ્રહ્મચારી શ્રી જયાનંદજી મહારાજ વેદાન્તાચાર્ય**

કથા પ્રારંભ : સંવત ૨૦૮૦ ફાગણ સુદ ૦૪ ને બુધવાર તા. ૧૩-૦૩-૨૦૨૪ સાંજે ૪:૦૦ કલાકે.

કથાનો સમય : સવારે ૮:૩૦ થી ૧૨:૩૦

કૃષ્ણ જન્મોત્સવ : સંવત ૨૦૮૦ ફાગણ સુદ - ૮ રવિવાર તા. ૧૭-૦૩-૨૦૨૪, બપોરે ૧૨:૦૦.

કથા પૂર્ણાહુતિ : સંવત ૨૦૮૦ ફાગણ સુદ ૧૦ મંગળવાર તા.૧૯-૦૩-૨૦૨૪

કથાસ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ, જગજીતપુર, દક્ષેશ્વર રોડ, કનખલ, હરદ્વાર, ઉતરાચલ. મો.૯૪૧૧૫ ૦૧૬૮૨

નિમંત્રક : સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ - અધેવાડા, તા. જી. ભાવનગર, મુ. અધેવાડા

ભાવનગર સંપર્ક : ૯૮૭૯૬ ૨૫૯૧૧, ૯૯૯૮૧ ૯૭૫૫૨

સુરત સંપર્ક : ૯૮૨૫૫ ૭૩૦૧૭, ૯૭૨૩૨ ૮૪૨૨૭


---

Website - https://sachchidanandmadhavanand.org/

whatsapp ગ્રુપમાં જોડાવા માટે મોબાઈલ નંબર પર hi **મોકલો** - 7096802813

Youtube channel - Sachchidanand madhavanand દરેક કથાઓ તથા કાર્યક્રમો ઓનલાઇન/ઓફલાઇન નિહાળવા માટે ચેનલ સબસ્ક્રાઇબ કરો

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- ૦૯-૩-૨૦૨૪ ચમારડી પધારશે.
- ૧૨-૩-૨૦૨૪ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીનો ૪૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૮૦ ફાગણ સુદ-૨ ને મંગળવાર તા.૧૨-૩-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ચમારડી ગામમાં ધામધૂમથી ઉજવાશે.

તીથીના સૌજન્ય : શ્રી રમેશભાઈ ગણેશભાઈ સુતરીયા - મો. ૯૮૨૫૫ ૫૨૫૭૦

ઉત્સવ સ્થળ : મુ. ચમારડી, તા. વલ્લભીપુર, જિ. ભાવનગર

- ૧૨-૩-૨૦૨૪ બપોર પછી અમદાવાદ પધારશે.
- ૧૩-૩-૨૦૨૪ અમદાવાદ થી હરદ્વાર પધારશે.
- ૧૫-૩-૨૦૨૪ હરદ્વાર થી અમદાવાદ - સુઘડ પધારશે.
- ૧૬-૩-૨૦૨૪ નાર પધારશે.
- ૧૮-૩-૨૦૨૪ વડદલા પધારશે.
- ૨૦-૩-૨૦૨૪ ધર્મજ પધારશે.
- ૨૨-૩-૨૦૨૪ ચાણોદ પધારશે.
- ૨૩-૩-૨૦૨૪ સુરત પધારશે.
- ૨૪-૩-૨૦૨૪ હુતાસની (હોળી) પૂનમ ઉત્સવ (ધૂળેટી). પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતા સુરત શહેરના આંગણે ઉજવાશે.
- ૨૭-૩-૨૦૨૪ ચાણોદ પધારશે.
- ૨૯-૩-૨૦૨૪ નવાનાવડા પધારશે.
- ૩૧-૩-૨૦૨૪ બોટાદ પધારશે.
- ૦૨-૪-૨૦૨૪ અવળ પધારશે.
- ૩-૦૪-૨૦૨૪ ધોળા પધારશે.
- ૫-૦૪-૨૦૨૪ ટીંબી પધારશે.
- ૬-૦૪-૨૦૨૪ ઉમરાળા પધારશે.
- ૮-૦૪-૨૦૨૪ ચોગઠ પધારશે.
- ૧૦-૪-૨૦૨૪ ધારૂકા પધારશે.
- ૧૧-૪-૨૦૨૪ સાંજે અમદાવાદ - સુઘડ પધારશે.
- ૧૨-૪-૨૦૨૪ હરદ્વાર પધારશે.
- ૧૮-૪-૨૦૨૪ દિલ્હી પધારશે.
- ૨૩-૪-૨૦૨૪ અમદાવાદ - સુઘડ પધારશે.

સૌરાષ્ટ્રના જે ગામ બાકી છે તે પછીના કાર્યક્રમ વખતે ગોઠવવામાં આવશે.



સૌજન્ય

**સ્વ. બેચરભાઈ દામજીભાઈ પવાસિયાના સ્મરણાર્થે**
**હ. જવાહરભાઈ બેચરભાઈ પવાસિયા**
**ગામ : ચમારડી**

Printed Book

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2022
POSTRAL REGI. NO. SRT-771/2020-22
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH




BOOK POST

If Not Delivered Please Return To :-

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

પૃષ્ઠ ૨૦ + ૪ = ૨૪

Published by Swami Shri Jagdishanand Sagarji Maharaj on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1 Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published.from Sachchidanand.Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Laxmanbhai Jerambhai Sonani.

Price per Copy Rs. 50/-